# વિશ્વવિહાર

વર્ષ : 26 * અંક : 5 * ફેબ્રુઆરી 2024 * કિં. ₹ 15




## અસલી–નકલી વચ્ચે ભૂંસાતી ભેદરેખા
## ડીપફેક




**ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય દ્વારા પ્રકાશિત અને બેલા ઠાકરસંપાદિત**
**'આઠ કૉલમની આલમ : પત્રકાર મહેશ ઠાકરનાં સ્મરણો અને વિશિષ્ટ લેખો'**
**પુસ્તકના વિમોચન પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવો**

**ડાયસ્પોરા ગુજરાતી લિટરેચર સ્ટડી સેન્ટર અંતર્ગત વ્યાખ્યાન**



**'ઊખડેલા આંબા –**
**અમેરિકાનો ઇન્ડિયન**
**ડાયસ્પોરા' વિશે**
**નટવર ગાંધી**

**'કાવ્યની કેડીએ' વિશે**
**પન્ના નાયક**



**આ ક્યૂ આર કોડ સ્કૅન કરવાથી 'વિશ્વવિહાર'માં અગાઉ પ્રકાશિત થયેલા લેખો સાંભળી શકાશે અને જે તે મહિનાનું 'વિશ્વવિહાર' દર મહિનાની ૧૫મી તારીખે શ્રાવ્ય (ઓડિયો) રૂપે ઉપલબ્ધ થશે.**

◆

email : vishvakoshad1@gmail.com ◆ www.vishwakosh.org
છૂટક કિંમત : ₹ ૧૫/-, વાર્ષિક લવાજમ ₹ ૧૫૦/-, ત્રણ વર્ષનું લવાજમ ₹ ૪૦૦/-
લવાજમ : 'ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ'ના નામે ડ્રાફ્ટ અથવા મ. ઑ.થી જ મોકલવું.
વિશિષ્ટ સહયોગ : શ્રી સી. કે. મહેતા (દીપક નાઇટ્રેઇટ)
[અહીં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની છે.]

# લોહી અને આંસુથી વહેતી મિસિસિપી !

અમેરિકાના મિનેસોટા, વિસ્કાઉન્સિન, લોવા, ઇલિનોઇસ, મિસૂરી, કેન્ટકી, ટેનિસી, આર્કન્સાસ, મિસિસિપી અને લુસીઆના રાજ્યમાં કે રાજ્યની સરહદ પર વહેતી મિસિસિપી નદી વિશ્વની સૌથી વધુ લોહી અને આંસુ સાથે વહેતી નદી છે. વિશ્વની આ ચૌદમા ક્રમની સૌથી મોટી નદીએ જેટલી માનવીય બર્બરતાનો અનુભવ કર્યો હશે, એટલો વિશ્વની કોઈ પણ નદીની આસપાસના વિસ્તારોમાં થયો નથી.

આ મિસિસિપી નદીમાં હજારો વર્ષથી નેટિવ અમેરિકનો વસતા હતા, તેઓ નદી-કાંઠે શિકાર કરીને જીવન ગુજારતા હતા, પરંતુ એ રેડ ઇન્ડિયનોને શ્વેત અમેરિકનોએ નિર્દયતાથી કચડી નાખ્યા. ૧૯૯૩માં શિકાગોમાં યોજાયેલી વિશ્વધર્મપરિષદમાં ભાગ લેવા ગયો, ત્યારે એ રેડ ઇન્ડિયનોનું ગીત સાંભળવા મળ્યું. જેમાં રેડ ઇન્ડિયન નૃત્યકારો કહેતા હતા કે 'હે ગોરા લોકો, અમને શા માટે અમારી ભૂમિમાંથી હાંકી કાઢ્યા, શા માટે તમે અમારી રોજીરોટી છીનવી લીધી. ભૂમિ અમારી માતા છે. એના વિના અમારે માટે જીવવું અશક્ય છે.'

રેડ ઇન્ડિયનો એ અમેરિકાના મૂળ વતનીઓ હતા. એમની સંખ્યા ઓછી હતી, પરંતુ શ્વેત અમેરિકનોએ એમને લગભગ ખતમ કરી નાખ્યા, પરંતુ એથીયે વધુ આ મિસિસિપીના જલપ્રવાહમાં અમેરિકાની નિગ્રો પ્રજાનાં આંસુ સતત વહી રહ્યાં છે. એક માણસના રૂપમાં નિગ્રોની કોઈ કિંમત નહોતી. ઘરના પાળેલા જનાવર જેવો વર્તાવ નિગ્રો સાથે કરવામાં આવે તેવો વર્તાવ એના ગોરા માલિકો કરતા હતા. એમને માટે અશ્વેત રંગના આફ્રિકાથી આણેલા આ લોકો એક ચીજવસ્તુ સમાન હતા, જેમની અસ્મિતા સાવ ભૂંસી નાખી હતી અને સ્વતંત્રતાનો છેદ ઉડાડી દીધો હતો. આફ્રિકાખંડમાંથી લવાયેલા નિગ્રોને હંમેશાં ગુલામ તરીકે કોઈ ને કોઈના તાબામાં રહેવું પડતું હતું. એમને માર મારી શકાતો, વેચી શકાતા અને ખરીદી શકાતા હતા. મિલકત હોય તે રીતે એ નિગ્રોને એક માલિક બીજા માલિકને સોંપતો હતો, કારણ કે નિગ્રો એ એમની મિલકત હતી. એક કુટુંબનો પુરુષ એક જગાએ વેચાતો, તો સ્ત્રી કોઈ બીજી જગાએ વેચાતી હતી. આમ નિગ્રોનાં કુટુંબો ભાંગી નાખ્યાં.

એ નિગ્રો ક્યારેય સ્વતંત્ર થઈ શકતો નહીં. માત્ર બીજાના ઉપભોગ માટે એનું શોષણ થતું હતું. શ્વેત અમેરિકનોએ નિગ્રોનો મન ફાવે તેવી રીતે ઉપયોગ અને ઉપભોગ કર્યો. કાયદો પણ એમને ક્યાં માનવી ગણતો હતો ? એને તો ક્રય-વિક્રય કરી શકાય તેવી વસ્તુ ગણવામાં આવતો હતો અને એવો જ એનો દરજ્જો હતો. ગોરા લોકોના વિશાળ પ્લાન્ટેશનમાં કાળી મજૂરી કરનારા આ છેક આફ્રિકા ખંડમાંથી લવાયેલા નિગ્રોને પીઠ પર ચાબુકનો માર સહન કરવો પડતો હતો. વહેલી સવારથી મોડી રાત સુધી કાળી મજૂરી કરવી પડતી હતી. એ જ નિગ્રોની કાળી મજૂરી પર અમેરિકાની શ્વેત પ્રજાએ પોતાનાં સમૃદ્ધિ અને વૈભવ વધાર્યાં.

માનવીય ઇતિહાસમાં એક માનવીએ બીજા માનવીને ગુલામ બનાવ્યો હોય કે એક જાતિએ બીજી જાતિને ગુલામ ગણી હોય તેવી ઘટનાઓ તો છેક પ્રાચીન સમયથી જોવા મળે છે. સમાજના કેટલાક લોકોને બીજા લોકોને પોતાની કોઈ ને કોઈ સંપન્નતા દ્વારા કચડવાની માનવજાતની બૂરી આદત જોવા મળે છે. વર્ણથી, જાતિથી, રંગથી, સંપત્તિથી કે સત્તાથી પોતાની જ જાતિના માનવોને નિર્દયતાથી કચડી નાખતા હતા. પ્રાચીન ભારતની વાત કરીએ કે પછી પ્રાચીન ગ્રીસની. એ બધે સમયે એક યા બીજા અર્થમાં ગુલામીની પ્રથા પ્રચલિત હતી.

ભારતની વર્ણાશ્રમ પર આધારિત સમાજરચનામાં વિકૃત થતી સામાજિક ગુલામીની પ્રથા શરૂ થઈ અને એને ધર્મ દ્વારા સ્વીકૃતિ અને કાનૂની આધાર આપવામાં આવ્યો. રોમન સામ્રાજ્યના સમયમાં આ ગુલામીની પ્રથા વધુ પ્રચાર પામી અને દરેક ફ્યુડલ સોસાયટી(સામંતશાહી સમાજ)માં ગુલામીની પ્રથા ઓછે-વત્તે અંશે અથવા તો પ્રત્યક્ષ કે પરોક્ષ રૂપે જોવા મળે છે. મધ્યકાળના સમયમાં આ પ્રથાને એક આર્થિક પ્રથાનું સ્થાન પણ મળ્યું, પણ ગુલામીની પ્રથાના માનવજાતના કલંકરૂપ ઇતિહાસમાં સૌથી આઘાતજનક પ્રથા હોય તો એ અમેરિકી નિગ્રોએ સહન કરેલી પ્રથા છે.

૨૦૨૦માં જ મિનિયાપોલીસના પોલીસઑફિસર ડેરેક ચોવિને અશ્વેત જ્યોર્જ ફ્લોઇડની ગૂંગળાવીને હત્યા કરી નાખી હતી અને જગતભરમાં 'બ્લૅક લાઇવ્ઝ મૅટર' આંદોલન વધુ પ્રબળ બન્યું હતું. આજે રમતગમતની કેટલીય સ્પર્ધાઓમાં પ્રારંભે ઘૂંટણે બેસીને અશ્વેત લોકોની છેલ્લાં ચારસો વર્ષથી ચાલી આવતી વેદના પ્રત્યે સહાનુભૂતિ

## અનુક્રમ


| | | |
|---|---|---|
| લોહી અને આંસુથી વહેતી મિસિસિપી ! | ૩ | કુમારપાળ દેસાઈ |
| વાઇબ્રન્ટ ગુજરાતનાં ૨૦ વર્ષ | ૬ | પ્રવીણ ક. લહેરી |
| ખાણને બદલે લૅબોરેટરી કરે છે હીરાનું સર્જન | ૧૦ | ચિંતન ભટ્ટ |
| આલ્બેતોવા, એલિયન અને પ્રાહા | ૧૩ | ભારતી રાણે |
| ગહન જૂઠાણું (ડીપફેક) | ૧૬ | મેહુલ રાવલ, સંજય ચૌધરી |
| પ્રભા અત્રેજીની આભાઅત્રે | ૧૯ | સુધા ભટ્ટ |
| જેહના ભાગ્યમાં જે સમે જે લખ્યું... | ૨૨ | રતિલાલ બોરીસાગર |
| ડેન : મજબૂરી પર મકસદની જીત | ૨૪ | પ્રીતિ શાહ |
| વિશ્વના મોબાઇલ એપ માર્કેટની રૉકેટ ગતિ | ૨૬ | હર્ષ મેસવાણિયા |
| અસ્મિતા વિશેષ સંવાદ | ૨૮ | ભદ્રાયુ વછરાજાની |
| વિશ્વકોશવૃત્ત | ૩૨ | — |

પ્રગટ કરવામાં આવે છે. જોકે સામે પક્ષે આપણે ગોરા આધિપત્યને બતાવતા કૅપિટલ હિલ પરના હુમલાને પણ આપણે જોઈ શકીએ. એ સૂચવે છે કે હજી અમેરિકાની શ્વેત પ્રજાના મનમાંથી પોતાની ઉચ્ચતા, સંપન્નતા અને શક્તિમત્તાનો અહંકાર ઓગળ્યો નથી. બીજા દેશોની તુલનામાં અમેરિકામાં ગુલામીની પ્રથાનો જન્મ અને વિકાસ સાવ જુદી રીતે થયો.

યુરોપીય મહાદ્વીપમાં ગુલામીની પ્રથા પ્રવર્તતી હતી, પરંતુ અમેરિકામાં એને અત્યંત ભયાનક અને વિકૃત સ્વરૂપ પ્રાપ્ત થયું. જગતના ઇતિહાસમાં અમેરિકાએ જેટલા અશ્વેતોને ગુલામ રાખવા માટે દમન ચલાવ્યું છે, એવું દમન બીજી કોઈ પ્રજાએ કર્યું નથી. અમેરિકામાં આવેલા શ્વેત લોકોએ જોયું કે આ નવી દુનિયા એ એમને માટે 'સ્વર્ગીય ઉપવન' છે. અહીંના મૂળ રહેવાસીઓને એટલે કે રેડ ઇન્ડિયનોને હાંકી કાઢ્યા અને વિચાર્યું કે ઈશ્વરે જ એમને આવા અનુપમ સમૃદ્ધ ને ફળદ્રુપ સ્વર્ગીય ઉપવનમાં રહેવાના પરમ આશીર્વાદ આપ્યા છે. એ સમયે અમેરિકાના શ્વેત લોકોએ એવું સ્થાપિત કર્યું કે સંસારના અન્ય માનવીઓના વર્ણની તુલનામાં અમે શ્રેષ્ઠ છીએ.

એમણે અમેરિકાના આદિવાસી એવા રેડ ઇન્ડિયનોને લગભગ ખતમ કરી દીધા અને પછી આફ્રિકાના પશ્ચિમ કિનારેથી નિગ્રો લોકોની આયાત કરવા લાગ્યા. એ નિગ્રો લોકોના પરિશ્રમ પર દક્ષિણ અમેરિકામાં એમણે એમનું આર્થિક સમ્રાજ્ય ઊભું કર્યું. એમના આ સ્વર્ગમાં નિગ્રો લોકો માટે માત્ર નરક જ હતું, કારણ એટલું જ કે શ્વેત લોકો એમ માનતા કે એમની સેવા-શુશ્રૂષા માટે જ આ નિગ્રો લોકો જન્મ્યા છે.

જગતનાં અન્ય ક્ષેત્રોમાં જે ગુલામી હતી અને અમેરિકાના નિગ્રોની જે ગુલામી હતી, એમાં એક મૂળભૂત ભેદ છે. આ નિગ્રો લોકોની ગુલામી જાતિ અને રંગના આધારે છે. નિગ્રો લોકો હીન છે એવી વાત એમના મનમાં ઠસાવવામાં આવી. કાળો રંગ અશુભ, અમંગળ અને અપવિત્ર હોય છે. અંધારું પણ કાળું હોય છે અને અંધારું અને મૃત્યુ બંને અશુભ અને ભયજનક હોય છે. આવી ધારણા કરીને શ્વેત અમેરિકનોએ નિગ્રોને અમંગળ અને અપવિત્રતાના પ્રતીક સમાન જાહેર કર્યા.

ગુલામીના ઇતિહાસમાં જોઈએ તો માનવ ઇતિહાસમાં ગુલામીની પ્રથા ઠેર ઠેર જોવા મળે છે, પરંતુ અમેરિકામાં જે નિગ્રોની ગુલામી હતી તે વંશપરંપરાગત ગુલામી હતી. ગુલામીની બેડીઓમાંથી એ ક્યારેય મુક્ત થઈ શકતો નહીં. એથીયે વધુ નિગ્રોની ગુલામીનું આવરણ એમના ચહેરા અને શરીર પર લગાડ્યું. વ્યક્તિ કઈ રીતે પોતાનો રંગ અને શરીર છુપાવી શકે ? અને ગોરાઓએ આ રંગને કલંકના રૂપમાં એમના પર ચોંટાડી દીધું અને દુર્ભાગ્ય છે કે હજી આજે પણ એ શ્વેત અમેરિકનોનો એક વર્ગ પોતાની ઉચ્ચતાનું અભિમાન છોડી શક્યો નથી, પણ ઈ.સ. ૧૬૧૯થી આજ સુધી ૪૦૩ વર્ષથી અમેરિકાના નિગ્રોએ પોતાની સ્વાધીનતા માટે અને પોતાના નાગરિક અધિકારો માટે અવિરત સંઘર્ષ ખેલ્યો છે અને એને પરિણામે આજે જગતમાં નિગ્રો પ્રજા પોતાની શક્તિ અને ક્ષમતાથી કેટલાક શ્વેત લોકોનાં દ્વેષ અને ધારણાઓ વચ્ચે પણ નવા યુગનું સર્જન કરી રહી છે.

**– કુમારપાળ દેસાઈ**

## ગુજરાતના વિકાસની હરણફાળનો પર્યાય

# વાઇબ્રન્ટ ગુજરાતનાં ૨૦ વર્ષ

તાજેતરમાં તા. ૧૦, ૧૧ અને ૧૨ જાન્યુઆરી ૨૦૨૪માં ગાંધીનગરમાં મહાત્મા મંદિરમાં વાઇબ્રન્ટ ગુજરાતનું ત્રિદિવસીય અધિવેશન મળી ગયું. આ દસમા અધિવેશનમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી, યુનાઇટેડ આરબ અમીરાતના પ્રમુખ શેખ મોહંમદ બિનઝાયદ અલ નાહિયાન, ચેક ગણતંત્રના વડાપ્રધાન પેટ્ર ફ્રિઆલા, ટિમોર લેસ્ટેના પ્રમુખ જોસ રોમોંસ હોર્ટા અને મોઝેમ્બિકના પ્રમુખ ફિલિપ ન્યુસી - એમ ચાર અન્ય દેશોના વડાઓની ઉપસ્થિતિ એકસાથે હતી તે એક વિરલ ઘટના ગણાય. ભારતના કોઈ પણ એક રાજ્યે સમગ્ર વિશ્વમાં સૌનું ધ્યાન ખેંચ્યું હોય તો તે રાજ્ય છે ગુજરાત. ગુજરાતમાં મૂડીરોકાણ આકર્ષવા માટે વર્ષ ૨૦૨૩માં યોજાયેલા પ્રથમ અધિવેશનમાં અમદાવાદના ટાગોર હૉલમાં ૭૦૦ બેઠકોની ક્ષમતા સામે ૧૨૦૦ પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં એનો શુભારંભ થયો હતો. વાઇબ્રન્ટ ગુજરાત ૨૦૨૪માં કુલ ૧.૫ લાખ જેટલા પ્રતિનિધિઓએ ભાગ લેવા નામો નોંધાવ્યાં હતાં. ૧૫,૦૦૦ જેટલી વ્યક્તિઓની હાજરીમાં થયેલા ઉદ્‌ઘાટન સમારોહમાં ૧૪૦ જેટલા દેશોના પદાધિકારીઓ અને ૩૮ દેશોની આ પ્રસંગમાં ભાગીદારી હોવાથી સ્વાભાવિક રીતે આ દસમું અધિવેશન એક આંતરરાષ્ટ્રીય ઘટના બન્યું તે હકીકત છે. ભારત અને વિદેશોના ૮૦૦ જેટલા ઉદ્યોગકારો, બૅંકોના વડાઓ અને નાણાકીય સંસ્થાઓના ડેલિગેટોની હાજરીના કારણે વાઇબ્રન્ટ ગુજરાતનો મંચ વૈશ્વિક સ્તરે પરિચય અને પરામર્શ માટે એક આદર્શ અવસર સાબિત થયો.

વાઇબ્રન્ટ ગુજરાત ૨૦૨૪નો કેન્દ્રવર્તી સંદેશ હતો; 'ભવિષ્યનું પ્રવેશદ્વાર' (ગેટ વે ટુ ફ્યૂચર). ૨૦૨૨માં ભારતે તેની આઝાદીનાં ૭૫ વર્ષ પૂરાં કરીને અમૃતમહોત્સવ મનાવ્યો હતો. આ પ્રસંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આહ્‌વાન કર્યું કે આગામી ૨૫ વર્ષમાં - દેશની સ્વતંત્રતાનું શતાબ્દી વર્ષ ૨૦૪૭ પહેલાં - આપણે સૌ સહિયારો પુરુષાર્થ કરીને દેશને એક વિકસિત રાષ્ટ્ર બનાવીએ, આગામી ૨૫ વર્ષના સમયગાળાને 'અમૃતકાળ' ગણીને આર્થિક વિકાસ અને સામાજિક ન્યાયનું આપણું સ્વપ્ન સાકાર કરીએ. દેશના વિકાસમાં ગુજરાતનું પ્રદાન અનન્ય રહ્યું છે. વિશ્વની સૌથી મોટી રિફાઇનરી કે હીરાઉદ્યોગમાં સમગ્ર વિશ્વના ૮૫ ટકા જેટલા હીરા ઘસવાની ક્ષમતા હોવાથી, ગુજરાત અનેક ક્ષેત્રોમાં પ્રભુત્વ ધરાવે છે. દેશની ૫.૨ ટકા વસ્તી ધરાવતા ગુજરાતનો દેશની નિકાસમાં ૩૩ ટકા હિસ્સો છે. દવાઓ, રસાયણો, પેટ્રો રસાયણો, સિરૅમિક, એન્જિનિયરિંગ, ઑટોમોબાઇલ્સ, કાપડ અને પ્લાસ્ટિક ક્ષેત્રમાં ગુજરાતનું ઉત્પાદન અને વેચાણમાં નોંધપાત્ર સ્થાન છે.




વાઈબ્રન્ટ ગુજરાતના દસમા અધિવેશનમાં વિવિધ ઉદ્યોગપતિઓ સાથે ૯૮,૫૪૦ જેટલા સમજૂતી કરારો (મેમોરેન્ડમ ઑફ અન્ડરસ્ટૅન્ડિંગ : એમઓયુ) થયા, જેના દ્વારા રૂ. ૪૫ લાખ કરોડના મૂડીરોકાણના ઈરાદાઓ વ્યક્ત થયા છે. મોટાં ઔદ્યોગિક ગૃહો અને બહુરાષ્ટ્રીય કંપનીઓ ઉપરાંત સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ કદના ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા માટે ગુજરાત સરકારે ગાંધીજયંતી(૨જી ઑક્ટોબર-૨૦૨૪)થી સરદારજયંતી (૩૧ ઑક્ટોબર-૨૦૨૪)ના એક મહિનામાં 'વાઈબ્રન્ટ ગુજરાત - વાઈબ્રન્ટ જિલ્લો' કાર્યક્રમ હેઠળ કુલ ૨૬૧૪ સમજૂતી કરાર હેઠળ રૂ. ૪૫,૦૦૦ કરોડના મૂડીરોકાણની વ્યવસ્થા કરી હતી.

વાઈબ્રન્ટ ગુજરાતના અધિવેશન સાથે ગુજરાતે 'ગ્લોબલ ટ્રેડ શો' યોજી અનેક ઉત્પાદનોના વેચાણ માટે પણ વ્યવસ્થા કરી હતી. ગુજરાતમાં ૧૪ લાખથી વધારે સૂક્ષ્મ, લઘુ, મધ્યમ કદના ઉદ્યોગો/સેવાકીય એકમો કાર્યરત છે. વર્ષ ૨૦૨૩માં પ્રથમ વખત વાઈબ્રન્ટ ગુજરાતનું અધિવેશન મળ્યું એ પછી દર બે વર્ષે જે જે અધિવેશનો મળ્યાં તેમાં મૂડીરોકાણનું ફલક વિસ્તરતું રહ્યું. બીજા અધિવેશનમાં કૃષિક્ષેત્રની કાયાપલટ કરવા, પાણીનો બચાવ કરવા અને ઉત્પાદકતા વધારવા માટે સરકારે ગ્રીન રેવોલ્યુશન કંપની સ્થાપી. આ કંપનીએ છેલ્લાં ૨૦ વર્ષમાં ૨૮ લાખ હેક્ટર જમીન માટે ટપક સિંચાઈ (ડ્રિપ ઈરિગેશન) અને ફુવારાપદ્ધતિ (સ્પ્રિંકલર) દ્વારા ૨૪ લાખ જેટલા ખેડૂતોને ખૂબ મોટો લાભ કરાવી આપ્યો. ગુજરાતનાં બંદરોના વિકાસનો વિચાર કરીએ તો છેલ્લાં ૨૦ વર્ષમાં મુન્દ્રા, કંડલા, પીપાવાવ, દહેજ, હજીરા અને અન્ય બંદરો દ્વારા કરોડો ટન માલની હેરફેર શક્ય બની. ૨૦૦૩થી ૨૦૨૩નાં વીસ વર્ષના સમયગાળામાં ગુજરાતમાં નવી ૧૦૦ કરતાં વધારે યુનિવર્સિટીઓ કાર્યરત બની છે. બાર જેટલી મેડિકલ કૉલેજો અને પચાસથી વધારે અદ્યતન હૉસ્પિટલો શરૂ થઈ છે. ગુજરાતના સર્વાંગી વિકાસમાં વાઈબ્રન્ટ ગુજરાતમાં થયેલા સંકલ્પોએ આગવી ભૂમિકા ભજવી છે.

દસમા વાઈબ્રન્ટ ગુજરાતમાં અદાણી જૂથે અક્ષય ઊર્જા સાથે વિવિધ પ્રોજેક્ટોમાં આગામી વર્ષોમાં રૂ. બે લાખ કરોડના મૂડીરોકાણ માટે, ટાટા જૂથ દ્વારા સેમિકંડકટરોના

ઉત્પાદન માટે, મારુતિ-સુઝૂકી તરફથી વીજ-સંચાલિત કારોના ઉત્પાદન માટે તો લક્ષ્મી મિત્તલ દ્વારા વિશ્વના સૌથી મોટા સ્ટીલ-પ્લાન્ટની ગુજરાતમાં સ્થાપના કરવાના સમજૂતી-કરારો થયા છે. રિલાયન્સ જૂથે જામનગરમાં ૫,૦૦૦ એકર જેટલી જમીનમાં સ્વચ્છ ઊર્જા ઉત્પાદન માટેનો સંકલ્પ જાહેર કર્યો છે. ટોરેન્ટ ગ્રૂપ દ્વારા ઊર્જા અને દવાક્ષેત્રમાં રૂ. ૪૮,૦૦૦ કરોડનું મૂડીરોકાણ કરવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે. ગુજરાતમાં ઊર્જા (ઑઇલ-ગૅસ), અક્ષય ઊર્જા, રસાયણો, પેટ્રો રસાયણો, ઑટોમોબાઇલ, એન્જિનિયરિંગ, હીરા અને દવાક્ષેત્રે અનેક મહાકાય પ્રોજેક્ટની સ્થાપના માટે વિવિધ ઔદ્યોગિક ગૃહોએ પ્રતિબદ્ધતા જાહેર કરી છે.

વાઇબ્રન્ટ ગુજરાતના વર્ષ ૨૦૨૩ના પ્રથમ અધિવેશનમાં રૂ. ૬૪,૦૦૦ કરોડના સમજૂતી-કરાર થયાની ઘટના અંગે અનેક ટીકાઓ કરવામાં આવી હતી. આજે પણ વાઇબ્રન્ટ એક આભાસી ચિત્ર ઊભું કરવા માટે અવાસ્તવિક આંકડાઓ આપે છે, તમામ સમજૂતી-કરારોનો અમલ થતો નથી અને અનેકનાં તો બાળમરણ થાય છે તેવા આરોપ દર વખતે કરવામાં આવે છે. સૌથી પ્રથમ એ સમજવું જરૂરી છે કે જીવનમાં કે વાઇબ્રન્ટ ગુજરાતમાં તમામ ઇરાદાઓ કે અપેક્ષાઓ ફળીભૂત નથી થતાં. સઘળાં સ્વપ્નો સાકાર થાય તેવી ધારણા જ અવાસ્તવિક છે. હવે જ્યારે વાઇબ્રન્ટ ગુજરાતનાં દસ દસ અધિવેશનો સંપન્ન થયાં છે અને વીસ વર્ષ જેટલો સમયગાળો થયો છે ત્યારે વાઇબ્રન્ટ ગુજરાત દ્વારા જે સિદ્ધિઓ નજર સામે છે તેની સમીક્ષા કરવી જરૂરી છે.

ગુજરાત ૨૦૦૩નું ચિત્ર જોઈએ તો ૧૯૯૪માં મુખ્યમંત્રી શ્રી ચીમનભાઈ પટેલના અવસાન બાદ ૧૯૯૮ સુધીનાં ચાર વર્ષ રાજકીય અસ્થિરતાનાં રહ્યાં. ચીમનભાઈના અનુગામી છબીલદાસ મહેતાનો કાર્યકાળ એક વર્ષ જેટલો. ૧૯૯૫માં વિધાનસભાની ચૂંટણીમાં પ્રથમ વખત ભારતીય જનતા પક્ષે બહુમતી હાંસલ કરી, પણ શ્રી કેશુભાઈ પટેલના વડપણ હેઠળ સરકાર રચી તે ચાલી નહીં. શ્રી સુરેશચંદ્ર મહેતા, શ્રી શંકરસિંહ વાઘેલા, શ્રી દિલીપભાઈ પરીખની સરકારો પણ અલ્પજીવી નીવડી. ૧૯૯૮માં ફરીથી શ્રી કેશુભાઈ પટેલ મુખ્યમંત્રી બન્યા, પણ દુષ્કાળ, વાવાઝોડા અને અંતે ૨૦૦૧ના કચ્છના મહાભૂકંપે તેમના ગુજરાત ૨૦૨૦ના સ્વપ્નને ચકનાચૂર કરી દીધું. ઑક્ટોબર, ૨૦૦૧માં મુખ્યમંત્રીપદે આરૂઢ થયેલા શ્રી નરેન્દ્ર મોદીએ મે-૨૦૧૪ સુધી એટલે કે બાર વર્ષથી અધિક સમય માટે રાજકીય સ્થિરતા બક્ષી. તેમની દીર્ઘદૃષ્ટિ, ઊંચા લક્ષ્યાંકો, પંચ શક્તિ (ઊર્જા, જ્ઞાન, જળ, રક્ષા અને જનશક્તિઓ) દ્વારા ગુજરાતને અવ્વલ રાજ્ય બનાવવાના ઉદ્દેશને હાંસલ કરવા તેમણે જે શ્રેણીબદ્ધ પગલાંઓ લીધાં તેમાં ‘વાઇબ્રન્ટ ગુજરાત’નો કાર્યક્રમ શિરમોર ગણી શકાય. જળવ્યવસ્થાપન, નર્મદા યોજના પૂર્ણ કરવી, જ્યોતિગ્રામ, પ્રવેશોત્સવ, કન્યાકેળવણી, કૃષિમહોત્સવ જેવા અનેક કાર્યક્રમો મારફત તેમણે ગુજરાતની પ્રજાને સફળતાપૂર્વક વિકાસયાત્રામાં જોડી. શ્રી નરેન્દ્ર મોદીએ વિકાસ માટે લીધેલાં વિવિધ પગલાંઓને ‘ગુજરાત મૉડલ’ તરીકે પણ ઓળખવામાં આવે છે. વર્ષ ૧૯૯૮-૯૯ની વાવાઝોડાંની કુદરતી આપત્તિ અને વર્ષ ૨૦૦૨ના કોમી હુલ્લડો બાદ ગુજરાતનો વિકાસ મંદ પડ્યો હતો. ગુજરાત સલામત

અને લાભદાયી છે તે પ્રશ્ને શંકાઓનાં વાદળો ઘેરાયાં હતાં. આવા નાજુક સમયે ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ મૂડીરોકાણ માટેના અધિવેશનને એક અલાયદું ખાસ નામ (બ્રાન્ડ નેમ) આપવા વિચાર્યું. વાઇબ્રન્ટ એટલે ઉમંગ-ઉત્સાહભર્યું-બહુરંગી અને ઘેરા રંગનું તેવા શબ્દકોશના અર્થો સામે આજે 'વાઇબ્રન્ટ ગુજરાત' એ ગુજરાતના વિકાસની હરણફાળનો પર્યાય છે. વિશ્વમાં ગુજરાતની ઓળખ છે. વાઇબ્રન્ટ ગુજરાતની ટીકા કરતાં પહેલાં જો કોઈ ગુજરાતના વીસ વર્ષના ઇતિહાસ પર નજર નાખશો તો એ સ્પષ્ટ થશે કે ગુજરાત આજે એક નવી ઊંચાઈએ પહોંચ્યું છે.

વર્ષ ૨૦૦૩માં ગુજરાતનું ચોખ્ખું ઘરગથ્થુ ઉત્પાદન રૂ. ૧,૦૧,૭૯૦ કરોડનું હતું. તે ૨૦૧૩-૧૪માં વધીને રૂ. ૭,૦૭,૪૫૬ કરોડનું થયું હતું. વર્ષ ૨૦૨૧-૨૨માં તે આંકડો રૂ. ૧૪,૫૯,૨૨૯ કરોડે પહોંચ્યો છે. બે દાયકામાં ઘરગથ્થુ ઉત્પાદનમાં ૧૪ ગણો વધારો મૂડીરોકાણ વિના શક્ય બન્યો ન હોત.

કોરોનાની બે વર્ષની આફત છતાં ગુજરાતે છેલ્લાં ૨૦ વર્ષમાં સાતત્યપૂર્ણ રીતે ૧૫ ટકા આર્થિક વૃદ્ધિદર હાંસલ કર્યો છે. ગુજરાતનો કૃષિક્ષેત્રનો આર્થિક વિકાસદર ૯ ટકા જેટલો રહ્યો છે ત્યારે આ સમયગાળામાં ભારતમાં કૃષિક્ષેત્રનો વિકાસદર સરેરાશ ૩.૨ ટકા જ રહ્યો છે. કિસાનની પ્રતિમાસ રૂ. ૧૨,૦૦૦ આવક સાથે પંજાબ, હરિયાણા અને કેરળ બાદ ગુજરાત ચોથું રાજ્ય છે. ૨.૨ ટકાના બેરોજગારી દર સાથે ગુજરાતમાં સૌથી ઓછી બેરોજગારી છે. સૂરત, અમદાવાદ, ગાંધીધામ, રાજકોટ, વાપી વગેરે શહેરો ખૂબ ઝડપથી વિકસી રહ્યાં છે. સમગ્ર દેશની અક્ષય ઊર્જામાં ગુજરાતનો ૧૭ ટકા જેટલો હિસ્સો છે. દૂધ-ઉત્પાદન, રૂ, એરંડા, જીરું, મગફળીના ઉત્પાદનમાં ગુજરાત અગ્રણી છે.

ગુજરાતના આવા સર્વાંગી વિકાસના શ્રીગણેશ ૨૦૦૩ના વર્ષમાં વાઇબ્રન્ટ ગુજરાતના પ્રસંગથી થયા બાદ ૨૦ વર્ષમાં ગુજરાતની પ્રગતિએ સૌનું ધ્યાન આકર્ષિત કર્યું છે. ગુજરાતી પ્રજાની સાહસવૃત્તિ, વ્યાપારિક સૂઝબૂઝ અને અથાક પરિશ્રમે આજે ભવિષ્ય માટે જે આશા અને ઉમંગ જગાડ્યાં છે તેનું પ્રતીક વાઇબ્રન્ટ ગુજરાત છે. ગત વર્ષે ઑક્ટોબર, ૨૦૨૩માં વાઇબ્રન્ટ ગુજરાતની વીસમી વર્ષગાંઠે યોજાયેલ સમારંભમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૦૩ની મુશ્કેલીઓ અને મર્યાદાઓ વર્ણવી હતી. આજે ગુજરાત સઘળા અવરોધો પાર કરીને દેશના વિકાસના એક શક્તિશાળી એન્જિન તરીકે ભૂમિકા નિભાવી રહ્યું છે, ત્યારે તેમાં વાઇબ્રન્ટ ગુજરાતના પ્રદાનની નોંધ લઈએ. રાજ્યના વડાના એક દૃઢ સંકલ્પ, યોગ્ય વ્યૂહરચના અને વિશ્વસનીયતાના કારણે સમગ્ર પ્રક્રિયાનું પરિવર્તન થાય છે. ઇતિહાસમાં વિકાસ માટે ઉત્તમ ઉદાહરણ તરીકે અને ગુજરાતની ઓળખ માટે 'વાઇબ્રન્ટ ગુજરાત' શબ્દપ્રયોગ સ્વીકાર્ય બન્યો છે. આગામી વર્ષોમાં ગુજરાત આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, રોબૉટિક, અંતરિક્ષ ક્ષેત્ર સહિત અનેક જટિલ પ્રોજેક્ટોને સફળતાપૂર્વક પાર પાડશે. 'વાઇબ્રન્ટ ગુજરાત'નું દસમું અધિવેશન આપણને ગુજરાતના જ નહીં, પણ સમગ્ર દેશના ઉજ્જવળ ભવિષ્યની ખાતરી આપે છે.

**- પ્રવીણ ક. લહેરી**

# ખાણને બદલે લેબોરેટરી કરે છે હીરાનું સર્જન

જૂન, ૨૦૨૩ના સમાચાર મુજબ આપણા દેશના વડાપ્રધાને યુએસનાં પ્રથમ સન્નારી જિલ બાઇડનને ૭.૫ કૅરેટનો હીરો ભેટ આપ્યો. આ હીરો સામાન્ય હીરો નથી, પણ તે આપણા દેશની વિજ્ઞાન અને ટૅક્નૉલૉજીની પ્રગતિ તથા તજ્જ્ઞોના કૌશલ્યનું પ્રતિનિધિત્વ કરે છે. તેને સૂરતની પ્રયોગશાળામાં વિકસાવવામાં આવ્યો હતો. આ હીરાને વિકસાવવા માટે જરૂરી ઊર્જા અક્ષય ઊર્જા સ્રોતમાંથી મેળવવામાં આવી હતી. આમ હીરાનો વિકાસ ઇકો-ફ્રેન્ડલી વાતાવરણમાં થયો હતો. રખે માનતા કે આ તો નકલી હીરો છે. લૅબ ગ્રોન હીરા અને કુદરતી હીરાના મોટાભાગનાં ગુણધર્મો અને બંધારણ સરખાં જ હોય છે, માટે નરી આંખે બંને વચ્ચેનો ભેદ શોધી કાઢવો મુશ્કેલ છે. પૃથ્વીના પેટાળમાં જે પ્રક્રિયાથી હીરા વિકસે છે - બને છે તેવી જ પ્રક્રિયા દ્વારા પ્રયોગશાળામાં નિર્માણ કરીને પૃથ્વીની ઉપર વિકસાવવામાં આવે છે. પૃથ્વીના પેટાળમાં હીરાના સર્જનની પ્રક્રિયા પર એક નજર કરીએ.

કુદરતના આ રત્નમાં ફક્ત એક જ તત્ત્વ છે - તે છે કાર્બન. એમ તો કોલસામાં, ગ્રૅફાઇટમાં પણ કાર્બન તત્ત્વ જ હોય છે. આણ્વિક સંરચનાના તફાવતને કારણે એક હીરો છે તો બીજો ગ્રૅફાઇટ. આણ્વિક સંરચનાને લીધે જ હીરો પારદર્શક અને સૌથી સખત હોય છે જ્યારે કોલસો અપારદર્શક અને પ્રમાણમાં નરમ હોય છે. રસાયણશાસ્ત્ર પ્રમાણે હીરામાં દરેક કાર્બન પરમાણુ સાથે બીજા ચાર કાર્બન પરમાણુ જોડાયેલા હોય છે. જ્યારે ગ્રૅફાઇટમાં એક કાર્બન પરમાણુ સાથે બીજા ત્રણ જ કાર્બન પરમાણુ જોડાયેલા હોય છે. હીરામાં કાર્બન પરમાણુઓ ખૂબ જ ચુસ્ત રીતે જોડાયેલા હોય છે જેથી પ્રકાશનાં કિરણો આરપાર પસાર થઈ જાય છે. ગ્રૅફાઇટ અને કોલસામાં પ્રકાશ પરમાણુઓ વચ્ચે ફસાઈ જાય છે જે તેને અપારદર્શક બનાવે છે. પૃથ્વીની સપાટીથી ૨૦૦ કિલોમીટર નીચે પૃથ્વીની સપાટી પરના વાતાવરણીય દબાણ કરતાં ત્યાં પચાસ હજાર ગણું વધારે દબાણ હોય છે અને તાપમાન ૧૬૦૦ ડિગ્રી સેન્ટિગ્રેડ જેટલું હોય છે. આ પરિસ્થિતિમાં કાર્બન પરમાણુ બીજા કાર્બન પરમાણુઓના સંપર્કમાં આવે છે અને કાર્બન પરમાણુઓનો હીરા સ્વરૂપે વિકાસ શરૂ થાય છે. હીરા જેવો દેહ ધારણ કરતાં તો લાખો કે કરોડો વર્ષો નીકળી જાય છે. ધરતીના પેટાળમાં થયેલી લાખો વર્ષોની પ્રક્રિયાથી પ્રાપ્ત થતું રત્ન બહુમૂલ્ય જ હોય ને! હીરા વીણવા માટે ૨૦૦ કિમી. નીચે પાતાળ સુધી પહોંચવાનું માનવીનું ગજું નથી તો કુદરતી હીરા આપણને મળે છે કઈ રીતે ? ખાસ પ્રકારના કિંબરલાઇટ્સ (Kimberlites) નામના જ્વાળામુખીની નજીક પૃથ્વીની સપાટી પર હીરા જોવા મળે છે અને ત્યાંથી તેને મેળવવામાં આવે છે. જ્વાળામુખીના વિસ્ફોટ વખતે ધરતીના પેટાળમાંથી વાયુઓ, ખડકો વગેરે બહાર ફેંકાઈ જાય છે. આ સમયે કિંબરલાઇટ નામના આછા ભૂરા રંગના ખડકોમાંથી હીરા મળે છે. આ હીરાને ઘડીને



**HPHT પદ્ધતિથી હીરા વિકસાવતું ઉપકરણ**

આભૂષણયોગ્ય બનાવવામાં આવે છે. આભૂષણ ઉપરાંત હીરાના ઉપયોગો ઉદ્યોગોમાં પણ ઘણા છે. હા, પણ આ ખાસ જ્વાળામુખીના વિસ્ફોટ પણ આવરનવાર થતા નથી. ભૂસ્તરશાસ્ત્રીઓના મત મુજબ  જ્વાળામુખીનો છેલ્લી વખત વિસ્ફોટ ૧૩૦ લાખ વર્ષ પહેલાં થયો હતો. વિજ્ઞાનીઓએ આ અમૂલ્ય રત્નને પ્રયોગશાળામાં વિકસાવવાનો પ્રયાસ કર્યો અને સફળતા મેળવી.

હીરો એ શુદ્ધ કાર્બન તત્ત્વનું જ સ્વરૂપ છે એ હકીકત ૧૭૯૭માં પ્રતિપાદિત થઈ ત્યારથી વિજ્ઞાનીઓએ હીરાને લૅબમાં વિકસાવવા માટે કમર કસી. ૧૮૭૯ની યુકેના રસાયણશાસ્ત્રી જેમ્સ હેન્ને (James B Hannay) અને ૧૮૯૩ની ફ્રેંચ વિજ્ઞાની હેન્રી મોઈસ્સાનની (Ferdinand Fre'de'ric Henri Moissan) હીરા વિકસાવવાની શરૂઆતની રીત ધ્યાન ખેંચે છે. તેમણે કાર્બનની કુલડીમાં લોખંડ સાથે ચારકોલને ભઠ્ઠીમાં ૩૫૦૦ ડિસે. તાપમાને ગરમ કર્યો. ગરમ કુલડીમાંના પ્રવાહી લોખંડને પાણીમાં ડુબાડીને તાત્કાલિક ઠંડું કરવામાં આવ્યું. આ પ્રક્રિયાને લીધે ઉચ્ચ દબાણ ઉત્પન્ન થયું જે ગ્રૅફાઇટનું  (કોલસાનું) હીરામાં રૂપાંતર કરી શકે. ત્યારપછી પણ ઘણા પ્રયત્નો થયા, પરંતુ ધારી સફળતા મળી નહિ. ૧૯૫૨માં યુનિયન કાર્બાઈડે પહેલી વાર કેમિકલ વેપર ડિપૉઝિશન (CVD) પદ્ધતિથી હીરો વિકસાવ્યો. ત્યારબાદ ઉચ્ચ દબાણ – ઉચ્ચ તાપમાન (HPHT) પદ્ધતિનો ઉપયોગ કરીને લૅબમાં હીરા વિકસાવવાની શરૂઆત થઈ. ટેલિકૉમ્યુનિકેશન, લેસર ઑપ્ટિક્સ જેવા ઔદ્યોગિક હેતુઓ માટે આ હીરાનો ઉપયોગ થયો. ૧૯૭૦ના દાયકામાં જનરલ ઈલેક્ટ્રિક કંપનીએ રત્ન જેવી ગુણવત્તાવાળા હીરા વિકસાવ્યા જેના દાગીના બનાવી શકાય. શરૂઆતના નાના અને પીળાશ કે ભૂરા રંગના લૅબ-હીરાની ગુણવત્તા ૧૯૮૦ના દાયકાની મધ્યમાં સુધરવા લાગી અને તેણે આભૂષણયોગ્ય રૂપ ધારણ કર્યું. ૨૦૧૦ સુધીમાં પ્રયોગશાળામાં વિકસાવેલા રંગહીન હીરા જ્વેલરી માર્કેટમાં વ્યાવસાયિક રીતે જથ્થાબંધ ઉપલબ્ધ થવા લાગ્યા. હીરાને

પ્રયોગશાળામાં વિકસાવવા માટે HPHT અને CVD બંને પદ્ધતિઓ લોકપ્રિય રહી છે જેના વિશે થોડી વાત કરીએ.

સૌપ્રથમ ઉચ્ચ દબાણ - ઉચ્ચ તાપમાન (HPHT) પદ્ધતિ સમજીએ. નામ પ્રમાણે આ પદ્ધતિમાં કુદરતી હીરો ધરતીના પેટાળમાં જેવી પરિસ્થિતિ અનુભવે છે તેવી જ ઊંચા દબાણ અને તાપમાનની સ્થિતિનું પ્રયોગશાળામાં નિર્માણ કરવામાં આવે છે. આ પદ્ધતિમાં ૫-૬ ગિગાપાસ્કલ દબાણે અને ૧૩૦૦થી ૧૬૦૦ ડિસે. તાપમાને પ્રયોગશાળામાં હીરાનો વિકાસ થાય છે. કુદરતી કે લૅબમાં વિકસિત નબળી ગુણવત્તાના હીરાને HPHT પરિસ્થિતિમાંથી પસાર કરવાથી તેની ગુણવત્તામાં સુધારો થાય છે; તેનો રંગ સારો થાય છે, તે વધુ રંગહીન પણ થાય છે. હા, આ પદ્ધતિથી હીરાનો રંગ ગુલાબી, ભૂરો કે પીળો કરી શકાય છે. અલબત્ત, આ રીતે રંગ બદલેલા હીરાને 'ટ્રિટેડ ડાયમંડ' કહેવામાં આવે છે. બીજી પદ્ધતિ છે - રસાયણ બાષ્પ નિક્ષેપણ (Chemical Vapour Deposition - CVD). આ પદ્ધતિમાં તાપમાન (૭૦૦-૧૩૦૦ ડિસે.) અને દબાણ માફકસરનાં હોય છે. 'શૂન્યાવકાશ ચેમ્બર'માં કાર્બનયુક્ત વાયુનું પમ્પિંગ કરવામાં આવે છે. ચેમ્બરમાં કુદરતી હીરાની નાની કરચ રાખેલી હોય છે. આ કરચ ઉપર કાર્બન અણુઓનું નિક્ષેપણ થાય છે અને હીરો વિકસવા માંડે છે. હીરાને વિકસવા માટે આઠ દશ મહિના તો સહેજે નીકળી જાય છે. આ જ રીત HPHT પદ્ધતિમાં પણ અપનાવવામાં આવે છે. વિકસતા હીરાનું કદ તેને કેટલા સમય માટે વિકસવા દેવામાં આવે છે તેના પર અવલંબે છે. આ રીતે ઘણા મોટા કદના (૧૬-૧૭ કૅરેટ) હીરા પણ વિકસાવી શકાય છે. જે રંગના કુદરતી હીરા મળવા અશક્ય કે ખૂબ જ દુર્લભ હોય તેવા રંગના હીરા પ્રયોગશાળામાં વિકસાવી શકાય છે. હીરાની કરચ પર વિકસતા હીરાની પદ્ધતિ દહીં માટે આપણી દૂધ મેળવવાની પદ્ધતિને મળતી નથી આવતી ! જેમ કુદરતી વિકસેલા શિશુ અને IVF દ્વારા વિકસિત શિશુમાં કોઈ જ ફેર નથી તેમ આ બંને પ્રકારના હીરામાં કોઈ ફેર નથી. જે કંઈ નજીવો તફાવત છે તેને ઓળખવા માટે ખાસ પ્રકારનાં ઉપકરણોની જરૂર હોય છે.

જે પદાર્થને બનતાં લાખો વર્ષો લાગે અને પૃથ્વી પર ખૂબ જ અલ્પ માત્રામાં મળતો હોય તેને આપણે મહામૂલો પદાર્થ માનીએ છીએ. તેને આપણે જતનથી સાચવીએ છીએ. જ્યારે એ જ પદાર્થ વિપુલ માત્રામાં મળવા લાગે ત્યારે તેનું મૂલ્ય પણ ઘટી જાય. ઉદાહરણ તરીકે બ્રહ્માંડની એક ઘટનાના પરિપાક રૂપે પૃથ્વી પર પાણીનું અવતરણ થયું ત્યાર પછી નવું પાણી ક્યારેય બન્યું નથી. વિપુલ માત્રામાં મળતા પાણીને આપણે મૂલ્યવાન ગણતા નથી અને વેડફી નાખીએ છીએ એ મોટી વિટંબણા છે. હવે જ્યારે પીવા યોગ્ય પાણી ઓછું થવા લાગ્યું ત્યારે તે મૂલ્યવાન પણ થવા લાગ્યું. કંઈક આવી જ વાત હીરા માટે ન કહી શકાય ? લૅબમાં વિકસતા હીરા વિપુલ માત્રામાં અને સૌને પરવડે તેવી કિંમતે ઉપલબ્ધ થવા લાગશે ત્યારે આભૂષણો માટે મહામૂલા ગણાતા હીરાનું આકર્ષણ ટકી રહેશે ખરું ? કે પછી બજારમાં હીરાનું મૂલ્ય જાળવી રાખવા માટે તેનું ઉત્પાદન પણ મર્યાદિત રાખવામાં આવશે ?

**- ચિંતન ભટ્ટ**

# આલ્બેતોવા, એલિયન અને પ્રાહા

ચેક રિપબ્લિકની રાજધાની, તે પ્રાહા. આમ તો સ્પેલિંગ પ્રમાણે એનો ઉચ્ચાર 'પ્રાગ' એવો થાય છે, આપણે ત્યાં તથા અનેક અન્ય દેશોમાં પણ 'પ્રાગ' એમ જ બોલાય છે, પણ સ્થાનિક લોકો એને પ્રાહા કહે છે. પ્રાહા મિટરફેલ્સથી ૨૦૦ કિલોમીટર જ દૂર હતું, એટલે મિટરફેલ્સના રહેણાક દરમિયાન અમે પ્રાહા જઈ રહ્યાં હતાં. અમર સાહિત્યકાર ફ્રાન્ઝ કાફકાનું પ્રાહા, વિશ્વવિખ્યાત કવિ, લેખક, પત્રકાર જાન નેરૂદાનું પ્રાહા, આપણા હિન્દીના સમર્થ સર્જક નિર્મલ વર્માનું પ્રાહા!

બસમાં મોટા ભાગના પ્રવાસીઓ જર્મન હતા. એક દંપતી ઇઝરાયલનું હતું અને અમે ભારતીય. બરાબર સાડાઆઠે અમારી બસ એક સરકારી ચેકપોસ્ટ પર ઊભી રહી. બસ ઊભી રહેતાં જ કાળા યુનિફૉર્મમાં સજ્જ એક મહિલાઑફિસર સહિત, ત્રણ ઑફિસર બસમાં પ્રવેશ્યાં અને બધાંના પાસપૉર્ટ તપાસવા લાગ્યાં. જર્મનો માટે તો કોઈ લાંબો વિધિ નહોતો, પણ અમારા પાસપૉર્ટ એ લોકોએ ઉથલાવી ઉથલાવીને જોયા.

'ઇન્ડિયન્સ ?' એક કરડી નજર !

'યસ મેમ.' અમારો સ્વસ્થ જવાબ.

પોતાની બાજનજરમાં અમારા ચહેરા કેદ કરતાં, એમણે ડ્રાઇવરને હસીને કહ્યું, 'બ્રિંગ ધેમ બૅક વિથ યૂ ઇન ધ ઇવનિંગ વિધાઉટ ફેઇલ...' જાણે એને ધમકી ન દેતાં હોય કે, 'સાંજે ભૂલ્યા વગર આમને પાછાં લાવજે. (નહીંતર તારે જેલના સળિયા ગણવાનો વારો આવશે.)'

બસમાં હાસ્યનું મોજું ફરી વળ્યું. બધાંની ઊંઘ ઊડી ગઈ. અમે જાણે કોઈ અજાયબઘરનો નમૂનો હોઈએ તેમ સૌ અમારી સામે તાકી રહ્યા હોય એમ લાગ્યું. અમને ક્ષોભ થઈ આવ્યો. પણ એ ક્ષોભ અલ્પજીવી હતો. પ્રવેશવિધિ પતાવી બસ ફરી શરૂ થતાં જ ગાઇડે મિત્રતાભર્યા, ઉત્સાહી અવાજમાં કહ્યું, 'ડિયર ફ્રેન્ડઝ, ટુ ડે વી હેવ ગેસ્ટ્સ ફ્રોમ ફા..રફાર અવે.. રાઇટ ફ્રોમ ઇન્ડિયા ! અને આખી બસમાં તાળીઓનો અવાજ ગુંજી ઊઠ્યો. બીજી જ ક્ષણે 'વેલકમ ! વેલકમ !' ના અવાજો સંભળાવા લાગ્યા.

વનવગડા વીંધીને શહેરમાં પ્રવેશેલી અમારી બસ ટ્રાફિક વચ્ચેથી રસ્તો કોતરતી એક પ્રાંગણમાં જઈ ઊભી રહી. ત્યાંથી કન્ડક્ટરનું સ્થાન એક મહિલાગાઇડે લઈ લીધું. આશરે પચાસેક વર્ષનાં એ સન્નારી, નામે આલ્બેતોવા, એમની ચશ્માંની ફ્રેમને કારણે પ્રોફેસર જેવાં લાગતાં હતાં.

'ગુડ મૉર્નિંગ ! લેડીઝ ઍન્ડ જેન્ટલમૅન, આ છે અમારું પ્રાહા : ગોલ્ડન સિટી ઑફ અ થાઉઝન્ડ સ્પાયર્સ. યુરોપિયન કવિઓ તથા ઇતિહાસકારોની પ્રશસ્તિ પામેલી, અમારી આ સુવર્ણનગરી ! ૧૪મી સદીમાં હોલી રોમન એમ્પાયરનું મુખ્ય મથક રહી ચૂકેલી આ નગરીનાં સ્થાપત્યો પર તમને બારોક અને ગૉથિક અસર જોવા મળશે.



**ચાર્લ્સ બ્રિજ અને જૂનું પ્રાહા શહેર**

યુરોપનાં અન્ય શહેરોની સરખામણીમાં વિશ્વયુદ્ધથી અક્ષત રહી ગયેલી આ નગરી હજારેક વર્ષ પુરાણી છે અને અમે એની પ્રાચીન ઈમારતોને ચીવટપૂર્વક જાળવી છે. સાત ટેકરીઓ પર વસેલા શહેર વચ્ચેથી ઉત્તર-દક્ષિણ વહેતી વલ્ટાવા નદી એને બે વિભાગમાં વહેંચે છે... આલ્બેતોવાનો વાક્પ્રવાહ વલ્ટાવાની જેમ અવિરત વહી રહ્યો હતો. જોતજોતામાં બસ કિલ્લાના પ્રાંગણમાં આવીને ઊભી રહી. પ્રાહાનો કિલ્લો હજાર વર્ષ જૂનો છે. એમાં વખતોવખત રહી ગયેલા રાજવીઓની પસંદગી પ્રમાણે તેને નવાં નવાં પરિમાણોથી સજાવવામાં આવ્યો હોવાનું સ્પષ્ટ દેખાઈ રહ્યું હતું. પ્રવાસીઓથી ઊભરાતા આ પરિસરમાં, ચડતીપડતીની અને રાજકીય દાવપેચની વણકહી વાતો તો શોધીય જડી નહીં, પણ અહીં બંધબારણે સર્જાયેલી ને પછી કાળની ખીણમાં ધરબાઈ ગયેલી લોહિયાળ ઘટનાઓની કલ્પનામાત્રથી કંપી જવાયું. મહેલના સંકુલમાં સૌથી વધુ દર્શનીય હતું : સેન્ટ વાઇટ્સનું દેવળ. છસો વર્ષના એના નિર્માણકાળ દરમિયાન પસાર થઈ ગયેલી વિવિધ સદીઓનાં વહેણની છાપ આ સ્થાપત્ય પર જોવા મળે છે. કિલ્લામાં રાજા વેન્ચેલાસનું દેવળ પણ ગમી જાય તેવું હતું. એમાં મૂકેલી રાજાઓની અને ધર્મગુરુઓની સોનેરી મૂર્તિઓ અને કલાત્મક ભીંતચિત્રો આકર્ષક હતાં. તેમાંય એની છત પરની ચાર દેવદૂતની કૃતિ તો વિશ્વવિખ્યાત છે. અહીં મૂકેલાં ઘણાંખરાં પૂતળાંની પ્રતિકૃતિઓ પાછળથી ચાર્લ્સ બ્રિજ પર મૂકવામાં આવી છે. દેવળમાં લાકડા પર કરેલું નકશીકામ બેનમૂન હતું.

કિલ્લામાં છેવાડે એક ગલી હતી, જેનું નામ હતું : ગોલ્ડન લેન. એ કોઈ ઈતિહાસનું સુવર્ણપૃષ્ઠ નહોતું, એ તો હતી દમનની કાળકોટડીઓ ! સીસામાંથી સોનું બનાવવાની ઘેલછામાં હોલી રોમન એમ્પરર રૂડોલ્ફ બીજાએ આ ગોલ્ડન લેનની કોટડીઓમાં અનેક કારીગરોને અને કીમિયાગરો(અલકેમિસ્ટો)ને પૂરી રાખેલા અને એ સૌને સીસામાંથી સોનું બનાવવા મજબૂર કરવા એમના પર આ કારાગારમાં અનેક જુલ્મો વરસાવવામાં આવ્યા હતા. સોનું તો એમ ક્યાંથી બને ? પણ એમાંથી પસાર થતાં લાગ્યું કે, મજબૂર કારીગરોના નિ:શ્વાસ હજીય જાણે એ ગલીમાં ઝૂરે છે !

કિલ્લો જોયા પછી અમારે સૌએ પિરામિડ નામની હોટલમાં ભોજન લેવાનું હતું. એના વેઇટિંગ રૂમની મોટી કાચની બારીમાંથી ખંડેર જેવા અવશેષો દેખાતા હતા, જેની આસપાસ આડેધડ ઘાસ ઊગી નીકળ્યું હતું. આલ્બેતોવાએ સમજાવ્યું કે, બીજા વિશ્વયુદ્ધની તારાજીની આ નાનકડી નિશાની અમે સાચવી રાખેલી છે. તારાજી અહીં ઓછી થઈ છે, એટલે બને તેટલા અવશેષો અમે સાચવ્યા છે. આમ પણ ચેક લોકોને ઇતિહાસને ભૂંસવો ગમતો નથી. નોંધપાત્ર અવશેષો જાળવવાની એ પ્રજાની ખાસિયત અહોભાવપ્રેરક હતી.

ખાવાનું ભાવવાનો તો સવાલ જ નહોતો. ચાખવાનું જોખમ લેવા જેવું પણ ન લાગ્યું. અમે પ્રતીક્ષાખંડના સોફા પર ગોઠવાયાં. ત્યાં અમારી સાથે જ પ્રવાસ કરી રહેલા એક યુગલે અમારું સસ્મિત સ્વાગત કર્યું. એ એલિયન હતી. એ અને એનો પતિ ઇઝરાયલથી આવ્યાં હતાં. એ લોકો પણ શુદ્ધ શાકાહારી હોવાથી જમવાના સમયે વેઇટિંગ રૂમમાં બેઠાં હતાં. એલિયને એક કલાત્મક ચકતું ભેરવેલી કાળી પટ્ટી હાંસડીની જેમ ગળે બાંધી હતી. એના કરકરિયા વાળ અને ભરાવદાર ચહેરા પર એની જન્મભૂમિના હસ્તાક્ષર હતા. ફરતાં ફરતાં અનેક દેશની પ્રજાઓના ચહેરા ઓળખાવા લાગ્યા છે : ઇટાલિયન, સ્પૅનિશ, ઇજિપ્શિયન, જર્મન, ગ્રીક તેમાં વળી એક નામ ઉમેરાયું ઇઝરાયલી ! એલિયનના પતિ ઍગ્રિકલ્ચર એન્જિનિયર હતા. ભારતીય ખેડૂતોના સંપર્કમાં આવેલા હોવાથી, આપણા માટે તેઓ ઊંચો અભિપ્રાય ધરાવતા હતા. ટૂર દરમિયાન અમારી વચ્ચે પાક્કી દોસ્તી થઈ ગઈ. એ બંને આગ્રહપૂર્વક ઇઝરાયલ આવવાનું નિમંત્રણ આપતાં હતાં. પ્રવાસમાં આમ મિત્રો બની જાય ત્યારે અજબ પ્રકારની સુખદ લાગણીનો અનુભવ થાય છે. હરતાંફરતાં મળી ગયેલાં એ સૌ મિત્રોની સ્મૃતિનાં પુષ્પ અમે સાચવી રાખ્યાં છે. સમયના પટારામાંથી વારંવાર એને બહાર કાઢીએ છીએ. આશ્ચર્યની વાત તો એ છે કે, એ ફૂલો ક્યારેય કરમાતાં નથી, સદાય તાજાં તાજાં મઘમઘતાં જ રહે છે !

**- ભારતી રાણે**

---

## શ્રી ધીરુબહેન પટેલ બાળ-કિશોર સાહિત્ય કેન્દ્ર

ગુજરાતી વિશ્વકોશ દ્વારા એક નવું આયોજન ચાલે છે. દર રવિવારે સવારે ૧૦.૩૦ વાગ્યે વિશ્વકોશ દ્વારા આજનાં બાળકોને પસંદ પડે તેવું કથાવસ્તુ ધરાવતી વાર્તા પ્રસ્તુત થશે.

ફેબ્રુઆરી મહિનામાં ૪ ફેબ્રુઆરીએ 'મિહીરના દાદાજી', ૧૮ ફેબ્રુઆરીએ 'આંધળું અનુકરણ' વાર્તાનું લેખન અને રજૂઆત પ્રીતિ ચોકસી તથા ૧૧ ફેબ્રુઆરીએ 'બુદ્ધિશાળી બીરબલ', ૨૫ ફેબ્રુઆરીએ 'આપણું અમદાવાદ' વાર્તાનું લેખન અને રજૂઆત અલ્પા શાહ કરશે.

આ ઉપરાંત દર રવિવારે વાર્તા સાથે એક બાળગીત રજૂ કરવામાં આવશે.

દર રવિવારે ૧૦.૩૦ વાગ્યે આ બાળવાર્તાઓ યૂટ્યૂબ ચૅનલ : Gujarat Vishvakosh Trust, ફેસબુક એકાઉન્ટ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને વૉટ્સએપ નં. ૯૮૯૮૦૪૨૬૯૯ પરથી રજૂ થશે.

## વાસ્તવિક તથા આભાસી જગત વચ્ચે ભૂંસાતી જતી સરહદો

# ગહન જૂઠાણું (ડીપફેક)

આપણા રોજબરોજના કામમાં ડિજિટલ ટૅક્નૉલૉજીના ઝડપથી વધતા જતા પ્રભુત્વને કારણે જાહેર માધ્યમો દ્વારા પ્રસારણ માટે તૈયાર થતી સામગ્રીમાં ઘણી બધી વાર કૃત્રિમ સામગ્રીનો સમાવેશ થઈ જતો હોય છે. સામાન્ય વાચકોને આવી કૃત્રિમ સામગ્રી સાચી લાગતી હોય છે અને તેઓ ગેરમાર્ગે દોરાય છે. તાજેતરનાં વર્ષોમાં કમ્પ્યૂટરવિઝન, કમ્પ્યૂટર દ્વારા બોલચાલની ભાષાને સમજવાની ક્ષમતા (નેચરલ લૅન્ગ્વેજ પ્રોસેસિંગ), કમ્પ્યૂટિંગ ક્ષમતા, વિશાળ માત્રામાં ઉપલબ્ધ ડેટા, સોશિયલ મીડિયાના વ્યાપ, તેમ જ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ - એઆઈના ક્ષેત્રે અકલ્પ્ય વિકાસ થતો રહ્યો છે. આ ટૅક્નૉલૉજીનો ઉપયોગ કરીને સાચી જણાતી, પરંતુ વાસ્તવિકતાથી દૂર એવી ખોટી કે જૂઠી માહિતીનું નિર્માણ પણ વધી રહ્યું છે.

ગહન જૂઠાણું એ જાહેર માધ્યમોની સામગ્રીનો એક એવો પ્રકાર છે કે જે ખોટું હોવા છતાં સાચું લાગે છે અને તેને એઆઈની મદદથી તૈયાર કરવામાં આવે છે. આવી સામગ્રી લખાણ, ચિત્ર, ઓડિયો કે વીડિયો સ્વરૂપે લોકો સમક્ષ પ્રસારિત કરવામાં આવે છે. ગહન જૂઠાણું એ બે શબ્દનો સમન્વય છે - ડીપ લર્નિંગ તથા જૂઠી માહિતી. મશીન લર્નિંગ વિષયના એક ગહન કે એડવાન્સ ભાગ જેને ડીપ લર્નિંગ કહેવામાં આવે છે તે તથા ટૅક્નૉલૉજીની મદદથી વિવિધ પ્રકારની માહિતીને ભેગી કરીને બલ્કે બનાવટ કરીને તૈયાર કરવામાં આવેલી જૂઠી માહિતી તે બંનેનો સમન્વય એટલે - ગહન જૂઠાણું.

ડેટા પર વિષયને અનુરૂપ વિવિધ પ્રકારની પ્રક્રિયાઓ કરવા માટે તાર્કિક તેમ જ ગણિતની મદદથી અલ્ગોરિધમ તૈયાર કરવામાં આવે છે. વ્યક્તિની લખવાની શૈલી, બોલવાની છટા, ચાલવાની ઢબ, તેના ચહેરા પર આવતા હાવભાવ વગેરેનો સૂક્ષ્મતાથી અભ્યાસ તેમ જ તેનું પૃથક્કરણ કરીને તેની નકલ કરી શકાય તે માટેના અલ્ગોરિધમ તૈયાર કરવામાં આવે છે. આ અલ્ગોરિધમનું વાસ્તવમાં રહેલા વિવિધ પ્રકારના ડેટા જેવા કે લખાણ, ચિત્ર, ઓડિયો કે વીડિયોની મદદથી સતત પરીક્ષણ કરી, અલ્ગોરિધમને સુધારવામાં આવે છે. આ પ્રકારે વિકસિત કે તૈયાર કરેલ અલ્ગોરિધમની મદદથી જે તે વ્યક્તિ માટે સાચું લાગે પણ ખોટો ફોટોગ્રાફ, તેનો ઓડિયો, વીડિયો કે તેણે લખ્યું હોય તેવું લખાણ તૈયાર કરી શકાય છે. આ રીતે જે તે વ્યક્તિ કે ઘટના કે પ્રસંગ અંગે ગહન જૂઠાણું તૈયાર કરીને પ્રસારિત કરી શકાય છે. બનાવટી છતાં સાચું લાગે તેવા જૂઠાણા તેમ જ વાસ્તવિકતા વચ્ચેનો ભેદ કરવો સામાન્ય માણસ માટે અઘરું બની જાય છે. કોઈ પણ વ્યક્તિ પ્રથમ દૃષ્ટિએ તેને સાચું માની લે છે. આના કારણે વ્યક્તિની પોતાની ઓળખાણ તેમ જ તેની પોતાની અંગત માહિતીની ચોરી તેમ જ તેના વિશે ખોટી માહિતીનો પ્રસાર તેમ જ દુષ્પ્રચાર થઈ શકે છે.



ગહન જૂઠાણું અલગ અલગ સ્વરૂપે ફેલાવવામાં આવે છે. વ્યક્તિની લખવાની શૈલીની નકલ કરીને લેખ કે નોંધ પ્રસારિત કરવામાં આવે છે. ચહેરાની અદલાબદલી કે ચહેરાના હાવભાવ કે તેની બોલવાના ભાવની નકલ કરીને અથવા તો તેના વ્યાખ્યાનના જૂના રેકૉર્ડિંગમાં તેના અવાજ અને બોલવાની ઢબમાં ફેરફારો કરીને વ્યક્તિને એવું કહેતી બતાવવામાં આવે છે જે તેણે ક્યારેય કહ્યું જ ના હોય. આખા શરીરના હલનચલનની બનાવટ કરીને વ્યક્તિનો એવી રીતે વીડિયો બનાવવામાં આવે છે જેમાં તે હલનચલન કરતી દેખાય. આના કારણે ગહન જૂઠાણું લોકોમાં ખોટી માહિતીનો પ્રસાર તેમ જ ગેરસમજ અસરકારક રીતે ઊભી કરી શકે છે.

ગહન જૂઠાણું લોકોમાં અંદરોઅંદર રહેલો વિશ્વાસ તોડી શકે છે તેમ જ તેમની માન્યતા તથા વિચારને બદલી શકે છે. આની અસર તેમના રોજબરોજના વ્યવહારો પર તો પડે જ છે અને ચૂંટણીનાં પરિણામો પણ બદલી શકે છે. જે વ્યક્તિ કે સમૂહ વિશે આ પ્રકારે જૂઠાણું ફેલાવવામાં આવ્યું હોય તેની પ્રતિષ્ઠા ખરડાય છે. જે પ્રકારે ગહન જૂઠાણાનું ચલણ વધતું જાય તે જોતાં કળા તથા મનોરંજનના ક્ષેત્ર પર તેની સવિશેષ આડી અસરો જોવા મળી રહી છે તેમ જ ઇલેક્ટ્રૉનિક તથા ડિજિટલ માધ્યમોની વિશ્વસનીયતા ઝડપથી ઘટતી જાય છે. આપણા સમાજ સમક્ષ આ એક મોટો કાનૂની પ્રશ્ન ઊભો થઈ ગયો છે.

જે ટૅક્નૉલૉજીની મદદથી ગહન જૂઠાણું તૈયાર કરી શકાય છે તે જ ટૅક્નૉલૉજીની મદદથી તેની સામે લડત આપી શકાય તેમ છે. ડિજિટલ ફોરેન્સિક વિદ્યાશાખાનાં સાધનો(ટૂલ્સ)ની મદદથી ડિજિટલ સામગ્રીમાં રહેલી અસંગતતા ચકાસી શકાય છે તેમ જ મૂળ ડિજિટલ સામગ્રીમાં કશોય પણ ફેરફાર થયો છે કે નહિ તે જાણી શકાય છે. કોઈ પણ મૂળભૂત લખાણ, વ્યાખ્યાન કે વીડિયોમાં સ્વીકૃત વ્યક્તિઓ કે સંસ્થાઓ દ્વારા સર્વાનુમતે ફેરફાર કરવામાં આવે તો તે માન્ય રાખી શકાય, પણ સ્વીકૃત વ્યક્તિઓ કે સંસ્થાઓની જાણ વગર જ બારોબાર કોઈ પણ મૂળભૂત લખાણ, વ્યાખ્યાન કે વીડિયોમાં ફેરફાર થવા દેવો ના હોય તો તે માટે બ્લૉકચેઇન ટૅક્નૉલૉજીનો અસરકારક રીતે ઉપયોગ કરી શકાય છે. જોકે તે માટે પદ્ધતિસરનું પૂર્વઆયોજન જરૂરી છે. તદુપરાંત, મૂળ સામગ્રીમાં ક્યારે, કોણે તથા કયા સ્થળેથી ફેરફારો કર્યા તેની નોંધ રાખીને તથા તેના વિશે મેટા-ડેટા સાચવીને મૂળ સામગ્રીની વિશ્વસનીયતા જાળવી શકાય

છે. વ્યક્તિના અવાજ, ચહેરા કે તેના વ્યક્તિત્વનાં વિશિષ્ટ લક્ષણોનો ઉપયોગ કરીને જૂઠાણું ધરાવતી સામગ્રી પર બાયૉમેટ્રિક ચકાસણી કરીને તે સામગ્રી સાચી છે કે ખોટી તે સાબિત કરી શકાય છે. વ્યક્તિના ચહેરાના હાવભાવ, બોલતી વખતે હોઠના ભાગનું હલનચલન, અવાજમાં જણાતું સાતત્ય વગેરે લાક્ષણિકતાઓને આધારે ગહન જૂઠાણાને ખોટું સાબિત કરી શકાય છે.

ટૅક્નૉલૉજીના ઉપયોગની સાથે સાથે લોકોમાં ગહન જૂઠાણું કેવી રીતે તૈયાર કરી શકાય છે તથા તેનાં કેવાં ખોટાં પરિણામો આવી શકે તે અંગેની સામાન્ય સમજ કેળવી શકાય છે. તેના કારણે સામાન્ય વ્યક્તિ પ્રસારિત થતા રહેતા જૂઠાણાને સરળ રીતે નહીં સ્વીકારે. ગહન જૂઠાણું ધરાવતી સામગ્રી તૈયાર કરનાર કે તેનો ફેલાવો કરનાર વ્યક્તિની સામે કાનૂની પગલાં લેવામાં આવે તે આવશ્યક છે અને તે માટે જરૂરી કાનૂની પદ્ધતિ તૈયાર કરવાની જવાબદારી સરકારની છે. ગહન જૂઠાણા સામેની લડત એ આખા સમાજ માટેની લડત છે અને તેથી જ તે દિશામાં સતત થતું રહેતું અસરકારક નવીન સંશોધન, ટૅક્નૉલૉજીમાં જરૂરી ફેરફારો, કાનૂની પ્રક્રિયા તથા લોકોમાં વધતી રહેતી જાગૃતિ અનિવાર્ય છે.

**– મેહુલ રાવલ તથા સંજય ચૌધરી,**
અમદાવાદ યુનિવર્સિટી

## વાચકમિત્રોને ખાસ વિનંતી

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના સામયિક 'વિશ્વવિહાર'માં આવતી પ્રમાણભૂત અને વૈવિધ્યસભર લેખસામગ્રીથી આપ પરિચિત છો. આપને ઘણા લાંબા સમયથી 'વિશ્વવિહાર' મોકલવામાં આવે છે. આપનું લવાજમ પૂરું થઈ ગયું હોય તોપણ કદાચ આપને 'વિશ્વવિહાર' મળતું હશે. સાહિત્ય, કલા, સંસ્કૃતિ, રાજકારણ, પ્રવાસ, રમતગમત, શિક્ષણ, ટૅક્નૉલૉજી, હાસ્યલેખ અને પ્રેરક ચરિત્રો જેવા વિષયોની કેટલીય સામગ્રી અમે 'વિશ્વવિહાર'માં આપીએ છીએ. વળી ગુજરાતના આ સાંસ્કૃતિક કેન્દ્રમાં ચાલતી અને હવે પછી થનારી પ્રવૃત્તિઓની વિગતો પણ આ સામયિકમાંથી મળી રહે છે. આથી કદાચ તમારું લવાજમ પૂરું થઈ ગયું હોય તો વહેલી તકે લવાજમ મોકલી આપશો.

'વિશ્વવિહાર'નું **વાર્ષિક લવાજમ ૧૫૦ રૂ.** અને **ત્રણ વર્ષનું લવાજમ ૪૦૦ રૂ.** છે. આપ મનીઑર્ડરથી અથવા **ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ**ના નામે ડ્રાફ્ટ કે ચેકથી મોકલી શકશો. આપના ઉમદા સહયોગની અમે આશા સેવીએ છીએ.

### બૅંકની વિગત

A/c. Name : Gujarat Vishvakosh Trust, A/c. No. : 09330100008481

Bank Name : Bank Of Baroda, Usmanpura Branch

IFS Code : BARB0USMANP (5th Character is Zero)

લવાજમ ભર્યા પછી સંસ્થાને ઈ-મેઇલ (vishvakoshad1@gmail.com), વૉટ્સએપ (9898042699) તથા પત્ર દ્વારા અચૂક જાણ કરવી.

# પ્રભા અત્રેજીની આભાઅત્રે

ભારતીય શાસ્ત્રીય સંગીતકળા સૌથી પ્રાચીન કળા છે. તેનો ઉલ્લેખ ભરતમુનિના 'નાટ્યશાસ્ત્ર' ગ્રંથમાં પણ છે. એ કળાને જીવતી અને જીવંત રાખવા માટે આપણા ઉચ્ચકોટિના કલાકારોએ પોતાનું જીવન એ કળાને સમર્પિત કર્યું છે. વરિષ્ઠ અને યુગપ્રવર્તક કલાકારોએ સંશોધનો અને પ્રયોગો કરીને એને વધુ ખમતીધર બનાવી છે. હયાત કલાકારો આપણું ભાવવિશ્વ ભરી દે છે અને જેઓ ઈન્દ્રસભામાં પોતાનું સબળ સંગીત પીરસવા પહોંચી ગયા છે એ સૌને સો સો સલામ ! સ્વર્ગીય કળા સંગીતના ઉચ્ચતમ શિખરે બિરાજેલાં સ્વરસમ્રાજ્ઞી પદ્મવિભૂષણ ડૉ. પ્રભા અત્રે વિશ્વરંગમંચ પરથી એક્ઝિટ કરી ગયાં છે, તેમનાં સંભારણાંનાં ઓવારણાં લઈએ. 'તાઈ' મોટી બહેન-દીદી તરીકે વિખ્યાત પ્રભા તાઈને સ્મરીએ...

મહારાષ્ટ્રના પુણેમાં રહેતી બે બહેનો - પ્રભા અને ઉષાને સંગીતમાં રસરુચિ જણાતાં તેની પ્રત્યે ઔત્સુક્યનો ભાવ ધરાવતી. માતા ઇંદિરાતાઈને માંદગીમાંથી સાજી કરવા પિતા આબાસાહેબ અત્રેએ તેમને માટે સંગીત થકી સારવારનો પ્રયોગ હાથ ધર્યો. માતા શાસ્ત્રીય સંગીતની તાલીમ લેવા માંડી અને દીકરી પ્રભાએ એ તક ઝડપી લઈને ગુરુશિષ્ય પરંપરામાં કંઠ્ય સંગીતની તાલીમ લેવાનું શરૂ કર્યું. ગુરુ સુરેશબાબુ અને હીરાબાઈ બરોડેકર પાસે તેઓ કિરાના ઘરાનાની તાલીમ લેવા માંડ્યાં. પ્રભાજીને તો ઇંદોર ઘરાનાના ઉસ્તાદ  અમીર ખાનસાહેબનું ગાયન ગમતું. એમની ખયાલ ગાયકીમાં મન રમતું અને ઉસ્તાદ બડે ગુલામઅલી ખાનસાહેબની ઠૂમરીના ઠુમકામાં પણ પ્રભાજીનું ધ્યાન કેન્દ્રિત થતું. સાથે સાથે કિરાના ઘરાનાનાં રોશનઆરા બેગમની પ્રસ્તુતિઓ તેમને ગમતી. તેઓ સરગમની મદદથી ખયાલ શીખતાં. એ વખતે મનમાં અંદરખાને બધા પ્રવાહો આટાપાટા રમવા માંડ્યા. કિરાના ઘરાનામાં તો સરગમની લયકારી બહુ પ્રસિદ્ધ કે પ્રચલિત નહોતી, પરંતુ ઉસ્તાદ અમીર ખાનસાહેબની લયકારી તેમને અત્યંત ગમતી તેથી તેને નિખાલસતાથી સ્વીકારી, કિરાના ઘરાનામાં તેને ભેળવી પરંપરાને વધુ પુષ્ટ કરી. સાથે સાથે તેમણે તો શાસ્ત્રીય નૃત્ય કથકની પણ પદ્ધતિસરની તાલીમ લઈ પોતાના પિંડને સંગીત, ગીત અને નૃત્યથી મઢી દીધો. તો પછી સાથે સાહિત્ય પણ હોય ને ! સમાંતરે ગાંધર્વ મહાવિદ્યાલયમાંથી વિશારદ કર્યું. સંગીતસાધના દરમિયાન જ બી.એસસી. અને એલએલ.બી. પૂરાં કરી લંડનની 'ટ્રિનિટી' સંસ્થામાંથી પ્રસ્તુત કળાની પૂરક શિક્ષા-દીક્ષા હાંસલ કરી. સંગીતની જાળવણી અને તેના પ્રસાર-પ્રચારની નેમ સાથે પ્રભાજીએ સરગમનો મહત્ત્વનો મુદ્દો લઈ પીએચ.ડી. નામનો દરિયોય ઉલેચી નાખ્યો. મહાનિબંધ/શોધનિબંધનું નામ રાખ્યું - 'સરગમ'. આ તો થયું પ્રભાજીનું શૈક્ષણિક પાસું. આટલેથી થોભે તો એ પ્રભા અત્રે શેનાં ?

પ્રભાજીની યશકલગીનું એક છોગું હતું મરાઠી રંગમંચ - જેમાં તેમણે થોડો સમય અભિનેત્રી તરીકે ગાયું, પાત્રો ભજવ્યાં. તેમનાં સંગીત-નાટકોમાં સંશયકલ્લોલ, માનઅપમાન, સૌભદ્ર અને વિદ્યાહરણ.



પ્રભા અત્રે

બસ, આ આકાશ તેમને નાનું પડ્યું. પ્રભાજીને તો સંગીતાકાશની ક્ષિતિજોને આંબવાની તમન્ના હતી. કંઈક નવું કરવાની ઝંખનાને પગલે ગાયનક્ષેત્રે અસાધારણ, કલાત્મક અને સર્જનાત્મક પ્રસ્તુતિઓનો દોર ચાલુ થયો. આ બહુમુખી પ્રતિભાએ વૈશ્વિક સ્તરે શાસ્ત્રીય સંગીતને પ્રચલિત અને લોકપ્રિય કરવાનું બીડું ઝડપ્યું. શાસ્ત્રીય ગાયનના અન્ય મુકામોમાંના એક ઉપશાસ્ત્રીય ગાયનમાં પણ તેઓ નિખાર લાવ્યાં. ખયાલ, ઠૂમરી, તરાના, દાદરા, ગઝલ, ગીત, ભજન અને નાટ્યસંગીત ઉપરની પણ તેમની પકડ કાબિલેદાદ હતી. ચૈતી, હોરી, ઝુલા અને કજરી પણ તેમના પ્રિય પ્રકારો હતા અને અત્રેજી અત્ર, તત્ર, સર્વત્ર છવાઈ રહ્યાં.

પ્રભાજીનો સાહિત્યપ્રેમ તેમને પુસ્તકસર્જન તરફ દોરી ગયો. સાંગીતિક વિચારોના ચયન અને સંકલનયુક્ત પુસ્તકો લખ્યાં. 'સ્વરાંજની', 'સ્વરાંગિની', 'સ્વરરંગી', 'સ્વરમયી', 'સૂરસ્વરાવલિ' હિંદી અને મરાઠીમાં પ્રગટ થયાં, તો અંગ્રેજીમાં બે પુસ્તકો - 'Enlightning the Listener' અને 'Path of Music' લખીને તેઓ વિશ્વસ્તરે વાચકો સુધી પહોંચ્યાં. સંગીત પ્રત્યે જાગૃતિ કેળવવા તેઓ કટિબદ્ધ હતાં. 'આલોક' કાર્યક્રમમાં એમના સંગીતમય વિચારો કંડારાયા છે - વ્યાખ્યાનમાળાના સ્વરૂપમાં. આચાર્ય અત્રે ઍવૉર્ડ, ગાનપ્રભા ઍવૉર્ડ, કાલીદાસ સન્માન, ટાગોર અકાદમી રત્ન અને સંગીતનાટક અકાદમી પુરસ્કાર ઉપરાંત પદ્મવિભૂષણ તો ખરાં જ. અનેક સંસ્થાઓ તેમના દોરી-સંચારથી ઉત્થાન પામી. 'ગાનવર્ધન'માં સ્વનામધન્ય થઈ જવાયું તો, નૃત્યનાટિકા 'નૃત્યપ્રભા'માં સ્વરનિયોજન અને સ્વરસંયોજન કર્યાં. શાસ્ત્રીય સંગીતની જાળવણી માટે તેમણે 'સ્વરમયી' ગુરુકુળની સ્થાપના પુણેમાં કરી. પંડિત ભીમસેન જોશીના આશિષ તેમને ફળ્યા.

નવા રાગનું સર્જન અને રાગ-રાગિણીઓનાં વિરલ સંયોજન થકી પ્રભા અત્રેની ખ્યાતિ ચોમેર પ્રસરી. અપૂર્વ કલ્યાણ, દરબારી કૌંસ, પટદીપ મલ્હાર, શિવકલી, મધુકૌંસ, તિલંગ ભૈરવ અને રવિ ભૈરવ જેવા રાગો પ્રયોજી અને હલકભર્યા મધુર કંઠે જ્યારે તેઓ પ્રસ્તુત કરતાં ત્યારે એમની સરળ, સહજ, પ્રવાહી શૈલી રસિકોના હૈયે કોતરાઈ જતી. સસ્મિત વદન અને હળવાશ એ એમનાં આભૂષણ હતાં. ચુંબકીય પ્રતિભા ધરાવતાં પ્રભાજી સૌને સારુ પ્રેમભાવ રાખતાં. પારકી છઠ્ઠીનાં તેઓ જાગતલ હતાં અને તેથી જ એક પ્રશ્ન એમને કોરી ખાતો કે ગુરુવંદનાનો કાર્યક્રમ શા માટે માત્ર પુરુષગુરુઓ માટે જ થાય ? એ વિચારને મૂર્ત સ્વરૂપ આપી એમણે મહિલાગુરુઓની વંદનાના કાર્યક્રમનો આરંભ કરાવ્યો. કૉલેજમાં વિભાગીય વડા તરીકે તેમણે અભ્યાસક્રમોમાં ક્રાંતિ આણી અને આકાશવાણીમાં વ્યસ્ત હોવા છતાં પોતાના

રિયાઝમાં મસ્ત રહ્યાં અને રેકૉર્ડિંગનો લોભ જતો કર્યો. અલબત્ત ત્યારબાદ મારુબિહાગ, કલાવતી, ખમાજ, નિરંજની, અનંતપ્રભા, બાગેશ્રી ઇત્યાદિ શીર્ષક હેઠળ એમની રેકૉર્ડ ઉપલબ્ધ બની. કિરાના ઘરાનાનો પાયો મજબૂત કર્યો અને ભારતીય શાસ્ત્રીય સંગીતની શિકલ તેમણે ફેરવી નાખી. સંગીતના વ્યાકરણ અને ટૅક્નિકને તેઓ વળગી રહ્યાં અને એમના ઘરાનાનાં મશાલચી બની રહ્યાં. તેમની કેટલીક રચનાઓ અતિ પ્રસિદ્ધ થઈ. 'તન મન ધન તો પે વારું' - રાગ કલાવતી. 'બલમા છેડો મત' - ઠૂમરી, 'કૌન ગલી ગયે શ્યામ' - રાગ મિશ્ર ખમાજ. 'મોરીના માને સજના' ઠૂમરી. ખળખળ વહેતી સરિતા સમ સ્વરો હતા પ્રભાજીના. 'ધિન ધિન તેરેના...' આલાપમાં એમનું બેઠું કસાયેલું ગાન સુંવાળા રેશમી અવાજમાં ભાવકોના કાનમાં અમૃત ઘોળે. તેઓ કહેતાં કે 'હું સંગીતકાર થવા જ સર્જાઈ છું. આત્મા દિવ્યતામાં ભળી જાય એ જ તો મેં હંમેશ ઇચ્છ્યું છે.' વળી કહ્યું 'મારા ગાયન થકી મને લાગે છે કે મારું આખુંય જીવન એક મહેફિલ જ છે.' છેલ્લો ઍવૉર્ડ 'અટલ સંસ્કૃતિ ઍવૉર્ડ' એમને માટે રાગ ભૈરવી સાબિત થયો અને સભાનો પડદો પડી ગયો. એક અનુભવી, પુખ્ત કલાકાર પોતાની આગવી શૈલી વિકસાવે ત્યારે પ્રભા અત્રેની જેમ પોતાની ટોનલ ક્વૉલિટી માટે જાગ્રત રહે. છેલ્લા કાર્યક્રમ 'સ્વરપ્રભા' માટે મુંબઈ જવા નીકળવાનાં હતાં એ પહેલાં તેઓ બાણું વર્ષની વયે ૧૩ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ અનંતની સફરે સૂરાવલિ છેડવા ચાલી નીકળ્યાં.

આવાં રસાળ વ્યક્તિત્વવાળાં પ્રભાજીની વિદાય ખરે જ વસમી છે. સંગીતવિશ્વમાં ન પુરાય એવી એ ખોટ છે. સંગીતના એક ભવ્ય પ્રકરણનો અંત આવ્યો છે. એમના સટીક અવાજ અને કૌશલ્યપૂર્ણ ગાયનને બિરદાવતાં અનેક મહાનુભાવોએ એમને સ્વરાંજલિ અર્પી છે. 'સંગીતની ક્ષિતિજ ઉપર ઊગેલો સિતારો દાયકાઓ સુધી ચમક્યો.' 'તેમના કાવ્યના પુસ્તક ''અંતઃસ્વર''માં જાણે કે સમાઈ ગયાં.' વડાપ્રધાન મોદીજીએ ભાવાંજલિ આપતાં લખ્યું કે 'પ્રભાજીના પ્રયત્નોએ આપણી સંસ્કૃતિના પોતના તાણાવાણા વણ્યા છે.' આ યુગપ્રવર્તક ગાયિકા માટે સપ્તકનાં વિદુષી મંજુબહેન મહેતાએ કહ્યું કે, 'તેમનો સ્વર અત્યંત સુરીલો હતો. સરળ સ્વભાવનાં પ્રભાજીએ અપ્રચલિત રાગ મારુ બિહાગને પ્રસિદ્ધિ અપાવી.' સંગીત ગુરુ ડૉ. પ્રદીપ્તા ગાંગુલીએ એમને 'શુદ્ધ પારંપરિક ગાયકીમાં માહેર' ગણાવ્યાં. આરાધના સંગીત એકૅડેમીનાં ડૉ. મોનિકા શાહે કહ્યું કે 'પ્રભાજીને ૨૦૧૭નો તાનારીરી ઍવૉર્ડ અર્પણ થયો ત્યારે તાલની સુંદર પેટર્નવાળા તેમના મીઠા, મધુરા, કર્ણપ્રિય અવાજનો પરિચય ભાવકોને થયો. તેમની ગાયકી ભાવપ્રધાન હતી.' સ્મૃતિશેષ ઉચ્ચ ગુણવત્તાવાળાં પ્રભાજીનો સ્વર સતત ગુંજતો રહેશે એમ માનતા કુમાર ક્લબ અને સાંગીતિક પંડિત પરિવારના શિરીષભાઈએ કહ્યું કે ''પ્રભાતાઈ અતિ વિનમ્ર, વિવેકશીલ અને નિરભિમાની હતાં. તેમની બંદીશો ચિરંજીવ રહેશે. એ સમયમાં એમની બંદીશો ઘરેઘરમાં ગવાતી. આવાં કલાકાર 'ન ભૂતો ન ભવિષ્યતિ' છે. તેઓ મહાન શિક્ષણશાસ્ત્રી, સંયોજક તેમજ પ્રસ્તુતિકર્તા હતાં.'' ગાયનોમાં નવા વિચારો અને શૈલી ઉમેરનારાં લોકપ્રિય કલાકાર પ્રભાતાઈને સંગીતમય સ્મરણાંજલિ.

- સુધા ભટ્ટ

# જેહના ભાગ્યમાં જે સમે જે લખ્યું...

એકાદ મહિના પહેલાં મેં મારું સ્કૂટર જ્યાં સર્વિસમાં આપેલું એ ગૅરેજ પાસે હું ઊભો હતો. એક ભાઈ મારાથી થોડે દૂર ઊભા હતા. એ ભાઈ ક્યારના ટીકીટીકીને મારી સામે જોઈ રહ્યા હોય એવું લાગ્યું. મારો ચહેરો દર્શનીય નથી એની ખબર મને ઘણી વહેલી પડી ગઈ હતી અથવા વધુ સાચી રીતે કહું તો મને બહુ વહેલી ખબર પાડવામાં આવી હતી. એટલે કોઈ મારી સામે ટીકી ટીકીને જુએ છે ત્યારે મને ઘણી મૂંઝવણ થાય છે. મેં અનેક લોકો પાસેથી અનેક વાર ઉછીના પૈસા લીધા છે, પણ ક્યારેય કોઈ અજાણ્યા માણસ પાસેથી પૈસા ઉછીના લીધા નથી. વધુ સાચી રીતે કહું તો કોઈ અજાણ્યા માણસે (મારી લેવાની તૈયારી હોવા છતાં) ક્યારેય મને ઉછીના પૈસા આપ્યા નથી. આમ છતાં, કોઈ અજાણ્યો માણસ ટીકી ટીકીને મારી સામે જુએ છે ત્યારે આ માણસ પાસેથી પણ મેં ઉછીના પૈસા લીધા હશે ? - આવો વહેમ મને પડે છે.

પેલા ભાઈ મારી પાસે આવ્યા. મારા હૃદયના ધબકારા વધ્યા. પેલા ભાઈએ કહ્યું, ‘તમે કૉમેડિયન છો ?’ આ સાંભળી ઘડીભર હું ડઘાઈ ગયો. બધી ભાષામાં હાસ્યલેખકનાં માન-સન્માન બીજા લેખકોની સરખામણીમાં ઓછાં છે, પણ ગુજરાતીમાં તો હાસ્યલેખક સાવ પરચૂરણ લેખક ગણાય છે. આજે એક ગુજરાતી પ્રજાજન હાસ્યલેખકને સાવ તળિયે બેસાડી રહ્યો હતો. હું કશું બોલું એ પહેલાં એણે કહ્યું, ‘ટીવીમાં તમારી કૉમેડી જોઈ હતી.’

ઘણાં વર્ષોથી હું હાસ્યલેખો લખું છું, પણ હાસ્યલેખક તરીકે ખાસ જાણીતો નથી થયો. હું એક ઉત્તમ હાસ્યલેખક છું એ વાત મારા પૂરતી સાવ ખાનગી જ રહી છે. પણ ટીવીમાં કાર્યક્રમો આવવા શરૂ થયા કે કૉમેડિયન તરીકે હું રાતોરાત જાણીતો થઈ ગયો. કૉમેડિયન તરીકે પણ ચાર્લી ચૅપ્લિન જેવાં માન-સન્માન (અને પૈસા પણ) મળ્યા હોત તો હું ન્યાલ થઈ જાત, પણ એવુંય ખાસ બન્યું નહિ.

અમદાવાદ દૂરદર્શન પરથી મારો પહેલો કાર્યક્રમ પ્રસારિત થયો એના બીજા દિવસે મારે મારા પ્રિય મોચી પાસે ચંપલ સંધાવવા જવાનું થયું. મારો આ પ્રિય મોચી એક નાનકડી જગ્યામાં એક નાનું કબાટ રાખીને બેસે છે. પણ એણે એના નામનું પાટિયું બનાવડાવ્યું છે એમાં એના નામ આગળ ડૉ. (ડૉક્ટર) લખ્યું છે. ‘નામ આગળ ડૉક્ટર કેમ લખ્યું છે ?’ એક વાર મેં એને પૂછ્યું ત્યારે એણે કહ્યું હતું, ‘ડૉક્ટર પણ ચામડાને ટાંકા લે છે, અને અમે પણ ચામડાને ટાંકા લઈએ છીએ.’ ડૉક્ટરના વ્યવસાય સાથેના તેના વ્યવસાયના આ મૌલિક સામ્યની વાતથી હું ઘણો પ્રભાવિત થયો હતો. ટીવી કાર્યક્રમના બીજા દિવસે મારે એની પાસે જવાનું થયું. મોચીએ અત્યંત ઉમળકાથી મને આવકાર આપ્યો, ‘આવો, આવો સાહેબ, આવો ! ગઈ કાલે તમને ટીવીમાં જોવાની મજા આવી ગઈ.’ એના આવકારમાં એક વાત નવી હતી અને એક વાત

કલ્પના બહારની હતી. હું વર્ષોથી એનો કાયમી ગ્રાહક છું. પણ આજના આવકારમાં જે ઉમળકો પ્રગટ થયો હતો એ મારે માટે નવી વાત હતી અને મને 'જોવામાં' કોઈને પણ મજા આવી શકે એવી વાત હું જિંદગીમાં પહેલી વાર સાંભળી રહ્યો હતો. એટલે એ વાત મારા માટે કલ્પના બહારની હતી. મારાં ચંપલ હાથમાં લેતાં એણે બીજો પ્રશ્ન કર્યો, 'તે હેં સાહેબ, આ ટીવીમાં આવવાના તમારે કેટલા પૈસા દેવા પડે ?' જેના દેખાવનાં કશાં ઠેકાણાં નથી એવા માણસને ટીવીવાળા સાવ મફતમાં તો ન જ દેખાડે એવી એની શંકા એની દૃષ્ટિએ સાવ વાજબી હતી. મેં કહ્યું, 'ટીવીમાં દેખાવાના મારે પૈસા નથી આપવા પડ્યા. ઊલટું એ લોકોએ મને પૈસા આપ્યા છે ને તે પણ એક હજાર રૂપિયા !'

'હજાર રૂપિયા !' એના આશ્ચર્યનો પાર ન રહ્યો. આ સાવ નકામા દેખાતા ફાલતુ માણસને ટીવીવાળા આવા અમથા વીસ મિનિટના કાર્યક્રમના હજાર રૂપિયા આપી દે એ વાજબી નથી એવું તેને લાગ્યું હશે. આ રીતે તો ટીવીવાળા દેવાળું કાઢશે એવી ચિંતા પણ કદાચ એને થઈ હશે.

આમપ્રજાના પ્રતિનિધિ જેવા મોચીમિત્રનો અભિપ્રાય મળ્યો એ પછી બીજા કે ત્રીજા દિવસે નોકરી સારુ ગાંધીનગર જવા માટે બસસ્ટૅન્ડે ઊભો હતો, ત્યારે ત્યાંથી પસાર થયેલી એક મોટર એકદમ ઊભી રહી ગઈ. મોટરમાંથી એક સૂટેડબૂટેડ સજ્જન નીચે ઊતર્યા. મારી પાસે આવીને એમણે કહ્યું, 'મોટરમાંથી તમારા પર નજર પડી કે તરત જ મને થયું, આમને ક્યાંક જોયા છે. હવે તો લાગે જ કે જોયા છે, પણ ક્યાં જોયા છે તે હજુ યાદ આવતું નથી.'

'મને ટીવીમાં જોયો હશે.' મેં કહ્યું.

'હા, હા, ટીવીમાં તમને જોયા હતા. સરસ હતું - હં, તમારું નામ શું ? નામ ભૂલી ગયો છું.'

બે-ત્રણ દિવસમાં જ મારું નામ વીસરાઈ ગયું એ જાણી મને થોડો આઘાત તો લાગ્યો, છતાં હસતું મોં રાખી મેં કહ્યું, 'રતિલાલ બોરીસાગર.'

'ઘેર જઈને લખી લઈશ. રતિલાલ..... રતિલાલ શું ?'

'રતિલાલ બોરીસાગર.' મેં કહ્યું. મારા હાસ્યને લોકો બસો-પાંચસો વર્ષ પછી પણ યાદ કરશે એવો મારો વહેમ તત્ક્ષણ નાબૂદ થઈ ગયો.

આ જ અરસામાં એક સોસાયટીમાં જવાનું થયું. સોસાયટીનાં કેટલાંક બાળકોએ મને જોયો કે તરત જ મારી પાસે દોડી આવ્યાં અને પૂછવા લાગ્યાં, 'કાકા, તમે ટીવીમાં આયા'તા ને ?' કેટલાંક બાળકો તો 'એ મનિયા, જો તો ટીવીવાળા કાકા આયા છે.' કહી વાંદરો કે રીંછ લઈને મદારી આવ્યો હોય ને બાળકો એમના દોસ્તોને જોવા બોલાવે એમ મને જોવા બોલાવવા લાગ્યાં.

હાસ્યલેખક તરીકે પ્રતિષ્ઠિત થવાની ઝંખના હતી, પણ ટીવીને કારણે લોકો હાસ્યકલાકાર તરીકે અને કેટલાક તો એનો અંગ્રેજીમાં અનુવાદ કરીને 'કૉમેડિયન' તરીકે ઓળખવા લાગ્યા છે. વિધાતાના લેખ ટાળ્યા ટળતા નથી એ કેટલું સાચું છે !

**- રતિલાલ બોરીસાગર**

# ડેન : મજબૂરી પર મકસદની જીત



સાયોમદેબ

કૉલકાતાના સંયુક્ત પરિવારમાં ૧૯૮૦ના નવેમ્બર મહિનામાં સાયોમદેબનો જન્મ થયો. પરિવારમાં સર્વત્ર ખુશીનું વાતાવરણ છવાઈ ગયું. ડૉક્ટર પિતા પવિત્રદેબ મુખર્જી પુત્રને લાડમાં 'ડેન' કહીને બોલાવતા, પરંતુ થોડાં વર્ષમાં જ નાનકડા ડેનના મસલ્સ સંકોચાતા ગયા. પિતા ડૉક્ટર હોવાથી સારવારમાં કોઈ કસર છોડી નહોતી, પરંતુ કોઈ ઉપચાર કારગર નીવડતો નહોતો. દેશના ઘણા જાણીતા અને નિષ્ણાત ડૉક્ટરોને બતાવ્યું, પરંતુ કોઈ ફાયદો થયો નહીં. છેવટે ધીમે ધીમે સાયોમદેબનો અવાજ બેસી ગયો અને બોલવાનું બંધ થઈ ગયું. ડેનને 'ડોપામાઇન રિસ્પૉન્સિવ ડિસ્ટોનિયા' (ડીઆરડી) નામનો આનુવંશિક રોગ થયો હતો. મેડિકલ સાયન્સમાં હજી એના વિશે ખાસ કોઈ જાણકારી કે સંશોધન થયું નહોતું.

ડેનનો રોગ વધતો જતો હતો. સાંજ પડતાં શરીરમાં અસહ્ય દર્દ થતું. નવ વર્ષની ઉંમરે પેઇન કીલર્સ લેવાનું શરૂ કર્યું, પરંતુ પેઇન કીલર એ કોઈ દવા નહોતી. શરીરની સાથે મનની પણ એટલી જ પીડા હતી, કારણ કે તે ન તો બોલી શકતો કે ન પોતાની જાતે ચાલી શકતો. પેઇન કીલર્સ લેવાથી શરીરનું દર્દ તો ઓછું થતું, પરંતુ મનની વેદનાનું શું ? ડેન પોતાની ઉંમરનાં બાળકોને સ્કૂલે જતાં અને રમતાં જોતો, ત્યારે પોતે વ્હિલચૅરમાં બેસીને સહુને જોઈને વિચારતો કે આવા દુર્ભાગી જીવનનો શો હેતુ છે ? માતા-પિતા ડેનની ખૂબ સંભાળ લેતાં. તેનું મનોબળ મજબૂત કરવા વાતો કરતાં. તેઓ સમજાવતા કે જીવન જીવવું એ કોઈ મજબૂરી નથી, પરંતુ એક મકસદ છે, પરંતુ ડેનની સ્થિતિ દિવસે દિવસે બગડતી જતી હતી. એક સમય એવો આવ્યો કે માત્ર જમણી આંખ પર જ તેનું નિયંત્રણ હતું, ત્યારે ડેન પ્રોફેસર સ્ટીફન હોકિંગ જે સૉફ્ટવૅરનો ઉપયોગ કરતા હતા, તે શીખ્યો. એની મદદથી એણે લખવાનું શરૂ કર્યું, જે કૉમ્યુનિકેશનનો એક માત્ર ઉપાય હતો.

ડૉ. પવિત્રદેબ પુત્ર સાથે ઘણો સમય વિતાવતા અને એને બાયૉલૉજી, ભૌતિકશાસ્ત્ર, શરીરવિજ્ઞાન વગેરે શીખવતા. ડેન કહે છે કે એના જીવનમાં એના કાકાનો રોલ ચાણક્ય સમાન હતો. તે ડેનને ગ્રીકની પૌરાણિક કથાઓ સંભળાવતા. બે વર્ષ સુધી ડેન સૉફ્ટવૅરની મદદથી જુદા જુદા વિષયો પર લખતો રહ્યો. એક દિવસ

કૉલકાતાની 'ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ સેરેબ્રલ પાલ્સી'ના નિર્દેશક ડૉ. સુધાકર આવ્યા અને ડેનને કહ્યું કે થોડા સમયમાં રાષ્ટ્રીય સંમેલન થવાનું છે તેમાં એક સંશોધન પેપર તારે વાંચવાનું છે. ડેને જણાવ્યું કે તે પેપર કેવી રીતે વાંચે ? તે તો દસમું ધોરણ પણ પાસ નથી, પરંતુ ડૉ. સુધાકરે એનામાં આત્મવિશ્વાસ જગાડ્યો. વીસ વર્ષના ડેને દિવ્યાંગોના અધિકાર અને એની જવાબદારી પર એક પેપર રજૂ કર્યું. સહુએ એને તાળીઓના ગડગડાટ સાથે વધાવ્યો. તેનામાં આશાનો સંચાર થયો અને પાંચ વર્ષ સુધી વ્હિલચૅરમાં બેસીને દેશ-વિદેશમાં આ વિષય પર પોતાની વાત રજૂ કરતો રહ્યો. એને આ માટે બે ઍવૉર્ડ પણ મળ્યા.

આ સમય દરમિયાન એના પિતાના એક મિત્રે એક જર્નલમાં આ રોગ વિશે વાંચ્યું. જાપાનના ડૉ. સેગવાએ આ અંગે સંશોધન કર્યું. આ રોગને 'ડીઆરડી' તરીકે ઓળખ મળી. જોકે તે સેગવા સિન્ડ્રોમ તરીકે પણ ઓળખાય છે. અમેરિકામાં મુખર્જી પરિવારના જ એક બાળકને ડેન જેવી જ તકલીફ થવા લાગી અને ત્યાંના ડૉક્ટરોએ એને દવા આપી તો ચોવીસ કલાકમાં તેની તબિયતમાં ઘણો સુધારો જોવા મળ્યો. ડેનને પણ હવે એ દવા આપવામાં આવી તો થોડા દિવસમાં તેની તબિયતમાં સુધારો થવા લાગ્યો. તેનો અવાજ પાછો આવ્યો અને હાથ-પગમાં થોડી તાકાત આવી. પાંચ વર્ષની વયે ગુમાવેલો અવાજ પચીસમા વર્ષે પાછો મળ્યો. ૨૭ વર્ષે દસમા ધોરણની અને ૨૯મા વર્ષે બારમા ધોરણની પરીક્ષા પાસ કરી. માતા-પિતાની ઇચ્છા એને આગળ અભ્યાસ કરાવવાની હતી, પરંતુ તે માનતો કે શિક્ષણ કરતાં જ્ઞાન વધુ મહત્ત્વનું છે.

એક દિવસ ૯૧.૯ ફ્રૅન્ડ્સ એફ.એમ. કૉલકાતાના એક કાર્યક્રમમાં ગયો, ત્યાં ડેનને ખૂબ મજા આવી. સ્ટેશન પ્રોગ્રામિંગના મુખ્ય અધિકારી જયદીપ બેનર્જીએ એનો ઇન્ટરવ્યૂ લીધો અને ડેનને ૨૦૧૧માં એક કાર્યક્રમ સોંપ્યો 'હાલ છેરો નાહ બોંધુ' અર્થાત્ 'ક્યારેય હાર ન માનો, બંધુ'. ડેનને માઇક સામે બોલવાનો અનુભવ નહોતો તેથી તેને હંમેશાં શો પૂરો થાય, ત્યારે એમ લાગતું કે એ તેનો છેલ્લો શો હશે, પરંતુ એણે પાંચ વર્ષમાં ૮૨૦ શો કર્યા અને ડેને રેડિયો ઍક્સલન્સ ઍવૉર્ડ તથા શ્રેષ્ઠ બંગાળી રેડિયો જૉકીનો ઍવૉર્ડ મેળવ્યા. એણે પોતાના રેડિયો શોના અનુભવોની વાત '૫૨ (બાવન) સ્ટેપ્સ'માં લખી છે અને 'મેમોઈર્સ ઑફ ટાઇમ્સ' નામનું પુસ્તક લખ્યું, જે ૨૦૧૬માં પ્રકાશિત થયું. અમેરિકા રહેતા રૂપમ સરમાહદિગ્દર્શિત 'વન લિટલ ફિંગર' નામની ફિલ્મમાં એંશી જેટલા દિવ્યાંગોએ કામ કર્યું છે એ ફિલ્મમાં ડેને આર.જે.નો રોલ કર્યો છે. આ ફિલ્મને જુદા જુદા ફેસ્ટિવલમાં તેત્રીસ ઍવૉર્ડ મળ્યા છે. સિનસિનાટી ફિલ્મ ફેસ્ટિવલમાં ડેનને બેસ્ટ ઍક્ટરનો ઍવૉર્ડ મળ્યો છે. ડેને સ્થિર નોકરી કરવાનો લક્ષ્યાંક રાખ્યો અને ૧૪ જગ્યાએ અરજી કરી, પરંતુ તેની શારીરિક અક્ષમતાને કારણે જલદી નોકરી મળી નહીં. અત્યારે તે બૅંગાલુરુમાં 'એનએબલ ઇન્ડિયા' નામની એન.જી.ઓ.માં નોકરી કરે છે. તે દિવ્યાંગો માટે કામ કરવા માગે છે અને ડીઆરડી રોગ વિશે લોકોમાં જાગૃતિ લાવવા માગે છે.

**- પ્રીતિ શાહ**

# વિશ્વના મોબાઇલ એપ માર્કેટની રોકેટ ગતિ

મોબાઇલ ઍપ્લિકેશન વગર ડિજિટલ ક્રાંતિની કલ્પના થઈ શકે તેમ નથી. જેને આપણે બોલચાલની ભાષામાં એપ કહીએ છીએ તે મોબાઇલ એપ એક પ્રકારનો સૉફ્ટવૅર છે, એક પ્રકારનો કમ્પ્યૂટર પ્રોગ્રામ છે. એને ટૅક્નિકલ ભાષામાં સૉફ્ટવૅર ઍપ્લિકેશન પણ કહેવામાં આવે છે. જો કમ્પ્યૂટર-લૅપટૉપને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવે તો તેને કમ્પ્યૂટર પ્રોગ્રામ કહેવાય છે. સ્માર્ટફોન માટે બનાવેલી એપ્સને મોબાઇલ એપ્સના નામે ઓળખવામાં આવે છે.

૨૦૧૦ પછી આ ઍપ્લિકેશનનું ટૂંકું નામ એપ લોકપ્રિય થયું  છે. ૨૦૧૦માં અમેરિકન ડાઇલેક્ટ સોસાયટીએ એ વર્ષે એપ શબ્દને ‘વર્ડ ઑફ ધ યર’ જાહેર કર્યો હતો. એન્ડ્રોઇડ અને આઈફોન ઑપરેટિંગ સિસ્ટમના દબદબા પછી એપનું મહત્ત્વ વધ્યું છે. એન્ડ્રોઇડમાં સપોર્ટ કરે તેવા પ્રોગ્રામ્સને એન્ડ્રોઇડ એપ્સ અને આઈફોન ઑપરેટિંગ સિસ્ટમ(આઈઓએસ)માં સપોર્ટ કરે તેને આઈઓએસ એપ્સ કહેવાય છે.

દુનિયાની પ્રથમ એપ કઈ ? આ અંગે ઘણા દાવા થઈ રહ્યા છે. નોકિયા કંપનીએ ૧૯૯૭માં ૬૧૧૦ મૉડલના મોબાઇલમાં એક સ્નેક ગેઈમ લૉન્ચ કરી હતી. તે એક પ્રકારની એપ હતી. ઘણા ટૅક્-એક્સપર્ટ્સ તેને દુનિયાની પ્રથમ એપ ગણાવે છે. જોકે, રસપ્રદ વાત એ છે કે સ્ટીવ જૉબ્સે છેક ૧૯૮૩માં એપ સ્ટોરની કલ્પના કરી હતી. એમનો વિચાર એવો હતો કે એક પ્લૅટફૉર્મ એવું હોય જ્યાં બધી જ એપ્સ-સૉફ્ટવૅર મળી જાય. આજે ગૂગલ પ્લે સ્ટોર અને એપલ એપ સ્ટોર સ્ટીવ જૉબ્સની કલ્પનાને સાકાર કરે છે. આ બંને પ્લૅટફૉર્મમાં સેંકડો એપ ઉપલબ્ધ છે અને એન્ડ્રોઇડ સ્માર્ટફોન માટે ગૂગલ પ્લે સ્ટોર તેમ જ આઈફોન માટે એપલ સ્ટોર જાણે અનિવાર્ય છે.

આવા માહોલ વચ્ચે એ જાણવું રસપ્રદ થઈ પડશે કે દુનિયાનું ઍપ્લિકેશન માર્કેટ કેટલું બધું મોટું છે ને કેટલી ઝડપે વિકસી રહ્યું છે ? ગ્લોબલ મોબાઇલ એપ્સનું માર્કેટ ૧૩-૧૪ ટકાની ઝડપે વધી રહ્યું છે. ૨૦૨૧માં વૈશ્વિક એપ માર્કેટ ૧૮૧ અબજ ડૉલર હતું. એક જ વર્ષમાં વધીને ૨૦૨૨માં એ ૨૦૬ અબજ ડૉલરે પહોંચ્યું હતું. ૨૦૨૩ના અંતે આ આંકડો ૨૨૮ અબજ ડૉલરે પહોંચ્યો છે. અંદાજ તો એવોય છે કે ૨૦૩૦ સુધીમાં આ માર્કેટ ૫૬૦ અબજ ડૉલરની અભૂતપૂર્વ ઊંચાઈએ પહોંચી જશે. એઆઈથી સજ્જ નવી નવી એપ્સ માર્કેટમાં આવશે પછી એપ્સના ગ્લોબલ માર્કેટને નવી ઊંચાઈ મળશે. સત્તાવાર પ્લૅટફૉર્મ્સ વગર થર્ડ પાર્ટી લિંક કે વેબસાઇટમાંથી ડાઉનલૉડ થતી એપ્સની સંખ્યા અને તેના માટે ચૂકવાતી માતબર રકમ તો અલગ. ખાસ તો એડલ્ટ ગેઈમ્સ કે એડિટિંગની એપ્સ ગૂગલ-એપલના સ્ટોરમાં ઉપલબ્ધ નથી, પણ એનું આખું ગુપ્તતંત્ર ધમધમે છે. એનો તો કોઈ હિસાબ જ નથી.



એપ અને તેના આધારિત ચાલતા અર્થતંત્રને ગણતરીમાં લઈએ તો વર્ષે આ માર્કેટ ૯૩૫ અબજ ડૉલરે પહોંચે છે. એટલે કે એપ બનાવવા માટે બીજી જે બાબતોની જરૂર પડે કે તેના આધારે સર્જાનારી રોજગારીનો આંકડો ઘણો મોટો છે. મિલેનિયલ્સ - જેનો જન્મ ૧૯૮૧થી ૧૯૯૬ વચ્ચે થયો હતો ને જે અત્યારે દુનિયાભરના અર્થતંત્રમાં ચાવીરૂપ ભૂમિકા ભજવે છે - તેમાંથી ૨૧ ટકા દરરોજ ૫૦ કરતાં વધુ એપ મોબાઇલમાં ઓપન કરે છે. ૧૯૯૬ પછી જન્મેલી યુવાપેઢી કે જેને જનરેશન-ઝેડ કહેવાય છે તેમાંથી ૪૨ ટકા તો દર સપ્તાહે સરેરાશ એક નવી ગેમિંગ એપ ડાઉનલૉડ કરે છે.

આ બધાના પરિણામે વૈશ્વિક એપ માર્કેટ પણ રૉકેટ ગતિએ ઊંચે ચડી રહ્યું છે. સ્માર્ટફોનધારકો ગૂગલ પ્લે સ્ટોરમાંથી એપ્સ ડાઉનલૉડ કરે છે. ગૂગલના એ પ્લૅટફૉર્મમાં ૩૫ લાખ કરતાં વધુ એપ્સ ઉપલબ્ધ છે અને એમાંથી ૯૬ ટકા યાને અંદાજે ૩૪ લાખ એપ્સ ફ્રી ડાઉનલૉડ થાય છે. એકાદ લાખ એપ્સ માટે પૈસા આપવા પડે છે અને એના પર જ આખો ખેલ છે. એમાંથી મોટાભાગની એપ્સ ગેમિંગ માટે છે. ગેમિંગ એપ્સનું માર્કેટ જે ઝડપે વધી રહ્યું છે એ જોતાં આગામી વર્ષોમાં એપ્સના કુલ માર્કેટમાંથી અડધોઅડધ બિઝનેસ ગેમિંગમાંથી આવતો હશે.

ભારતની વાત કરીએ તો દેશમાં સ્માર્ટફોન એપનું માર્કેટ ઝડપભેર વધી રહ્યું છે. ઍનાલિટિક્સ પ્લૅટફૉર્મ ડાટા ડોટ એઆઈના લેટેસ્ટ અહેવાલ પ્રમાણે ૨૦૨૩માં ભારતીયોએ ૨૫.૯૬ અબજ એપ્સ ડાઉનલોડ કરી હતી. આમાં એન્ડ્રોઇડ અને આઈઓએસ એમ બંને યૂઝર્સનો સમાવેશ થાય છે. ૨૦૨૨માં ભારતીય યૂઝર્સે ૨૮ અબજ એપ ડાઉનલૉડ કરી હતી. તેની સરખામણીએ ૨૦૨૩માં એપ્સનું ડાઉનલૉડિંગ ઓછું હતું, પણ પેઈડ એપ્સ પાછળ હવે ભારતીયો વધુ ખર્ચ કરતા થયા છે. ભારતમાં એપ સ્ટોરથી ડેવલપર્સને થતી આવકનો આંકડો ૪૨ કરોડ ડૉલરને પાર થયો છે. જોકે, આ મામલે હજુ ભારત દુનિયામાં ૨૫મા ક્રમે છે. ભારતીયો હજુય ફ્રી એપ્સને જ વધુ પ્રાથમિકતા આપે છે.

**(અનુસંધાન ૩૧મા પાને)**

## ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને સંતુલનના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા

# અસ્મિતા વિશેષ સંવાદ



**(૪૭) શ્રી મલ્લિકા સારાભાઈ :**

કેટલાંક વ્યક્તિત્વો અનેક ક્ષેત્રોને સર કરતાં હોય છે અને પ્રત્યેક ક્ષેત્રમાં તેઓ માહેર બની રહેતાં હોય છે. શ્રી મલ્લિકા વિક્રમ સારાભાઈ એવું જ એક વિશેષ વ્યક્તિત્વ છે. તે નિર્ભીકતાથી સ્પષ્ટપણે અભિપ્રાય આપે છે. તેઓ ભારતીય પરંપરાનો વારસો જાળવી રહ્યાં છે, તો વળી વિદેશ સુધી કલા-નૃત્યની અભિવ્યક્તિમાં મોખરે રહ્યાં છે. આવો, શ્રી મલ્લિકા સારાભાઈ સાથેના સચોટ સંવાદના થોડા અંશો જાણીએ :

જિંદગીમાં ઉતાર-ચડાવ બહુ આવ્યા. પહેલાં લોકો સતત પૂછતા કે, 'તને શું દબાવ છે ?' તારાં મમ્મીપપ્પા વિખ્યાત અને મહાન હોવાથી, તને એનું બહુ પ્રેશર હશે... કોઈ દિવસ પ્રેશર ન હતું, કારણ કે અમ્મા અને પપ્પાએ કોઈ દિવસ એમ નહોતું પૂછ્યું કે એમ નહોતું કહ્યું કે, 'તું નૃત્ય જ કરજે, તું સાયન્સ જ કરજે, તું અમારું નામ ડુબાડી ન દેતી..' એવું કોઈ દિવસ હતું નહીં.

અમારા ચાર જણાંની વચ્ચે એક સહજ સંબંધ હતો. અમે જ્યારે મોટાં થયાં ત્યારે અને સામૂહિક નિર્ણય લેતી વખતે બાળકો ગમે તેટલાં નાનાં હોય, પણ એમને સામેલ કરવાનાં, એમનો અભિપ્રાય લેવાનો, એમને અભિપ્રાય લેતાં શિખવાડવાનું અને પછી જો ચારેચાર વ્યક્તિ માને તો આગળ ચાલવાનું, નહીં તો..? .. ત્યાં સુધી ચર્ચા કરવાની. એટલે ત્રણ-ચાર વર્ષે અભિપ્રાય ઊભો કરીને અભિપ્રાય વ્યક્ત કરવાનું શીખવું પડ્યું. અભિપ્રાય જુદો હોઈ શકે અને છેવટે પપ્પા એમ કહી શકે કે, 'મલ્લિકા, તું નથી સમજતી, અત્યારે તું નથી માનતી, પણ હું તારાથી મોટો છું એટલે તું ચૌદ વર્ષ કે અઢાર વર્ષની થાય ત્યાં સુધી તારા વાલી તરીકે મારે આમ નિર્ણય લેવો પડશે. હું ઇચ્છું છું કે કોઈ દિવસ તું મને સમજે. આજે તને ભલે ગુસ્સો આવે, પણ હું જો આ પગલું તને ભરવા દઈશ તો મારા સામાજિક અનુભવને કારણે હું એમ કહું છું કે આગળ જતાં તું પસ્તાઈશ અને ત્યારે તું મને કહીશ કે 'પપ્પા, અમ્મા, ત્યારે તમે મને કેમ ન રોકી ?' પણ એવું કોઈ દિવસ નહીં કે, મેં કહ્યું તે જ તમે કરો. પૂછો, ચર્ચા કરો, ઘણી વાર એવું બનતું કે મારે કોઈ બાબતમાં અમુક વલણ લેવું હોય ને અમ્મા કહે કે 'ના', પણ ના એટલે ના નહીં, એ બેસીને સમજાવે કે કેમ ના ?

'ચર્ચા થાય અને પછી જે વડીલ તરીકે એમણે સૂચન કરવાનું હોય તે થઈ જાય પછી તે સ્વીકારાઈ જાય ખરું ?'

'સહજતાથી નહીં, બહુ ગુસ્સો કરીને, છણકા કરીને પણ સ્વીકારાઈ જાય એ પણ માન્ય હતું. પછી બે વર્ષ બાદ જ્યારે અમ્મા કે પપ્પાને એમ લાગે કે હવે એ સમજશે તો એ ચર્ચા ફરીથી ખૂલે. તોપણ હું જો સંમત ન થતી હોઉં તો પાછું બે-ત્રણ વર્ષ પછી ફરીથી ખૂલે અને એવી એક પણ ચર્ચા નહોતી કે જ્યાં મેં વિરોધી વાત કરી હોય અને પછી હું ના સમજી હોઉં, એ પણ ખરું. એમાં સૌથી મોટી બાબત એ કે અમને છોકરા અને છોકરી તરીકે કે પુરુષ અને સ્ત્રી તરીકે ઘરમાં ટ્રીટ કરે નહીં.

મારું પહેલું જો એન્કાઉન્ટર હોય તો હું સાડાચૌદ વર્ષે SSC કરીને સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં ગઈ અને પહેલી વાર વર્ગમાં છ કે આઠ ઓળખીતા વિદ્યાર્થીઓને બદલે ૧૦૦ વિદ્યાર્થીઓનો વર્ગ અને એમાં છોકરીઓ આગળ બેસે અને છોકરાઓ પાછળ બેસે. છોકરીઓ છોકરાઓ સાથે વાત ન કરે. લગભગ ૬૦ %થી ૭૦ % માઉન્ટ કાર્મેલમાંથી આવેલા હોય એટલે ઝાડની પાછળ પ્રેમ ચાલે, પણ ખુલ્લામાં કંઈ કરવાનું નહીં, એટલે સમજ જ ના પડે કે, આ શું ચાલી રહ્યું છે ? એમાં અનંગ દેસાઈ ઍક્ટર અને હું બંને શ્રેયસ સ્કૂલમાંથી આવ્યાં હતાં. અમે એકબીજાની સામે જોઈને કહીએ કે આ થાય છે શું ? કેમ આવું વર્તન કરવાનું ?

મેં ઇકૉનૉમિક્સનો વિષય લીધો હતો અને બૅડમિન્ટન રમવાનું નવું નવું શરૂ કર્યું હતું. ઝેવિયર્સના કૉર્ટમાં રમું. હવે ઝેવિયર્સના કૉર્ટ અને કૅન્ટીનની વચ્ચે એક જાળી ખાલી. હવે નાના શૉર્ટ્સ પહેરીને રમું. આજુબાજુના બધા છોકરાઓ મને જોવા કૅન્ટીનમાં આવે. અને મારો ક્લાસ પણ કંઈ ગજબ હતો. મારા ક્લાસમાં પરવીન બાબી અને એ વર્ષે મિસ ઇન્ડિયા બની હતી તે કવિતા ભાંભાણી હતાં. મારા ક્લાસમાં ખુર્શીદ રાવજી, એમ. રાવજી જે પહેલું આપણું ડિપાર્ટમેન્ટ સ્ટોર હતું એની દીકરી ખૂબ સુંદર એટલે અમે કહ્યું આપણે કેમ કૅન્ટીનમાં ન જઈએ, અમને પણ દાળવડાં ખાવાં છે. એટલે ઝેવિયર્સ કૉલેજમાં પહેલી વાર પાંચ-છ ખૂબ સુંદર છોકરીઓએ જઈને અડ્ડો જમાવ્યો. આજે પણ મને એવી વ્યક્તિઓ મળે છે અને કહે છે કે અમે એચ. કે. કૉલેજ કે એચ. એલ. કૉલેજમાં હતાં તે સમયે અમે તમને જોવા જ આવતા હતા એટલે અમે થોડું પરિવર્તન કરવા માંડ્યાં.

પહેલી મીડ ટર્મ પૂરી થઈ. બબાભાઈ પટેલ અમારા વિભાગીય અધ્યક્ષ હતા. મને બહુ જ ઓછા માર્ક્સ મળ્યા એટલે હું એમની પાસે ગઈ. એટલે મને કહે કે, 'આવાં કપડાં પહેરીને ફરો છો, તો ફર્સ્ટ ક્લાસ ક્યાંથી મળે ?' મને ફાધર પાસે લઈ ગયા, તો ત્રણ અઠવાડિયાં રેસ્ટિકેટ કરી નાખી. બધા જોવા આવ્યા કે પહેલી છોકરી છે ઝેવિયર્સ કૉલેજના ઇતિહાસમાં કે જેને રેસ્ટિકેટ કરી છે ! એટલે ત્યારથી મારું તો યુદ્ધ શરૂ થઈ ગયું. એની વધુ વાતો સાંભળીશું અસ્મિતા વિશેષ સંવાદમાં.



## (૪૮) શ્રી પ્રફુલ્લ અનુભાઈ :

બહુમુખી વ્યક્તિત્વ - શ્રી પ્રફુલ્લ અનુભાઈ. એન્જિનિયરિંગ, મૅનેજમેન્ટ, સોશિયોલૉજી, ડિઝાઈન, ઍન્થ્રૉપૉલૉજી, કરીક્યુલમ ડેવલપમેન્ટ,.... અને કેટલાંય ક્ષેત્રોમાં વ્યસ્ત રહી જીવન વિતાવનાર શ્રી પ્રફુલ અનુભાઈનું ઘડતર કેવી રીતે થયું તે અંગે થોડી વાતો તેમના જ શબ્દોમાં :

મારા પિતા અનુભાઈની બાબતમાં એવું કે બધાની સાથે મિત્ર થઈ જાય પણ કામની બાબતમાં ઝીણવટ અને ચીવટ બહુ, એટલે મને વાત વાતમાં એમ કહે કે, જે કંઈ કામ કરો એ નિયમથી કરો. પછી એ ઉલ્લેખ કરે શ્રીમદ્ રાજચંદ્રની 'મોક્ષમાળા'નો. અમે નાના હતા ત્યારે એવું હતું કે, દર રવિવારે એક સામાયિકમાં બેસાડે, પણ ધાર્મિક શ્લોકો વાંચવાના નહીં, પણ શ્રીમદ્ રાજચંદ્રજીએ રચેલું 'મોક્ષમાળા' પુસ્તક લઈ અને તેના એક એક મણકાઓ લઈને વાત કરે અને પછી એના પર પ્રૅક્ટિકલ એની કૉમેન્ટરી આપે. એટલે એમ કહે કે, આ મેં તમને નિયમની વાત કરી એ શ્રીમદ્ રાજચંદ્રનો એક મણકો છે, એમાં એ કહે છે : નિયમથી કરેલું કામ ત્વરાથી થાય છે અને ધારેલી સિદ્ધિ આપે છે, એ વ્યાવહારિક દાખલાઓ લઈને સમજાવે. આ જાતનો એક સંસ્કાર જૂજ રીતે મૂકેલો. આમાં કોઈ જગ્યાએ ધર્મ, ઉપવાસ, આયંબિલ, પચ્ચક્ખાણ એવું કશું આવે નહીં. દેરાસર જવાનું છે, આટલી પૂજા કરવાની છે, એવું કશું ન આવે. અમારી આજુબાજુનું વાતાવરણ એવું હતું છતાં પણ એમનો આવો એક અભિગમ હતો કે, સંસ્કાર આ રીતે મળવા જોઈએ. તેઓ એમ કહેતા કે, તમે પેન્સિલ વાપરવા માટે લીધી અને ઘરમાં એક જગ્યાએ મૂકી છે, બધા લોકો વારાફરતી જેને જરૂર પડે એ વાપરે છે, તો તમે ક્યાંક નાખીને ચાલ્યા જાઓ, એ બરાબર નથી. પાછલા માણસનો વિચાર કરો કે, એને જ્યારે પેન્સિલની જરૂર પડશે ત્યારે એને ફાંફાં નહીં મારવાં પડે, પણ જે તે જગ્યાએથી મળી જશે, એવું દૃષ્ટાંત આપીને વાત કરે. એમ કહે કે કોઈ દિવસ રૂમમાં જાઓ ત્યારે તમારે જે વસ્તુ લેવી છે- અહીંયાંથી લીધું, ત્યાંથી લીધું, કબાટ ખોલ્યો, કબાટ બંધ કર્યો, એમાંથી બે-ત્રણ વસ્તુ લીધી, આમતેમ કરી એમ નહીં - એ વસ્તુ લીધા પછી એવો પ્રયત્ન કરો કે રૂમમાં જે પ્રમાણે વ્યવસ્થિત હતું એ પ્રમાણે તમે રૂમમાંથી બહાર નીકળો ત્યારે થાય - આવો એક પાઠ ભણાવ્યો.

બીજું કે જે કંઈ પણ કામ કરો એમાં excellence મેળવવું. એ સારી રીતે કરો. એ કામ કેમ વધારે સારી રીતે થાય એનો પ્રયત્ન હંમેશાં કર્યા કરો, એ ખાસ એમનો આગ્રહ. પોતાના જીવનમાં પણ એમ જ કરેલું એટલે મને પણ એમ કહે કે આ પ્રમાણે કરવું, આવી રીતે કરવું જોઈએ. પોતાનો દાખલો આપે એટલે અમે તરત જ સમજી જઈએ કે શું વાત કરવા માંગે છે. ઉદાહરણ તરીકે, એમણે શંખેશ્વરમાં એક દેરાસર બનાવ્યું.

એનો  આરસ લેવાનો હોય તો પોતે મકરાણા જાય. ધાર્મિક કામ છે, પોતાનું પર્સનલ કામ નથી છતાં મકરાણા જાય, પસંદ કરે અને કઈ જાતનો મારબલ જોઈએ એ નક્કી કરે, કયો મૅચ થશે એ જોઈ લે અને પછી બરાબર ભાવતાલ કરીને લઈ આવે. એમણે દેરાસર બાંધ્યું એની એક નોંધ રાખેલી, ચોપડી બનાવેલી કે આ બારણું છે, આ માપ જોઈએ, એની પેલી તકતી આટલી જોઈએ. એટલે એમની સાથે રમણભાઈ ગાંધી નામના એક ભાઈ હતા, એ જ્યારે મારા પિતા ગુજરી ગયા ત્યાર પછી આ ચોપડી નીકળી એટલે મેં કહ્યું, 'આ તમારા કામનું.' મને કહે, 'આ તો દેરાસર બાંધવાનું બાઇબલ છે.' એટલી બધી ઊંડાણથી બધું એમાં હતું કે, કેટલાં પગથિયાં, કેટલું અંતર, કેટલા માપના દરવાજા, એની તકતી  કેટલી બનાવવી, આરસ કેવો હોવો જોઈએ..બધું જ અંદર લખેલું હતું. એટલે આવી એક ઝીણવટની વાત હતી. એટલે દરેક વખતે કંઈ પણ કામ કરતા હોઈએ ત્યારે યાદ આવે કે સારી રીતે કરવું જોઈએ. શોભે એવી રીતે કરવું જોઈએ, લોકોને આનંદ થાય એવી રીતે કરવું જોઈએ. એ sense of excellence પિતાશ્રીમાંથી  આવેલી. આની વધુ વાતો જાણીએ એમની સાથેના અસ્મિતા વિશેષ સંવાદમાંથી.

**– ભદ્રાયુ વછરાજાની**

---

**(૨૭મા પાનાનું ચાલુ)**

ગૂગલ પ્લે સ્ટોરને ગત વર્ષે ૧.૯ કરોડ ડૉલરની કમાણી થઈ હતી. ગેમિંગ પછી સૌથી પોપ્યુલર ડેટિંગ એપ્સ છે. એમાં પ્રીમિયમ મેમ્બરશિપ માટે યૂઝર્સ સારો એવો ખર્ચ કરે છે. ખાસ તો ૧૯થી ૩૨ વર્ષના યૂઝર્સ દુનિયાભરમાં સૌથી વધુ પેઇડ સર્વિસ ડેટિંગ એપની મેળવે છે. દેશમાં ગેમિંગ એપ્સ ડાઉનલૉડનો આંકડો ૯.૩ અબજ જેટલો હતો. સોશિયલ મીડિયા ૨.૩૬ અબજ, ફોટો-વીડિયો કૅટેગરીમાં ૧.૮૬ અબજ એપ્સ ડાઉનલૉડ થઈ હતી. ફાઇનાન્સ એપ્સ ૧.૬ અબજ, મનોરંજન એપ્સ ૧.૩ અબજ, શૉપિંગ એપ્સ ૧.૧૦ અબજ, શિક્ષણ ૪૩.૯ કરોડ, પ્રોડક્ટિવિટી ટૂલ્સ ૯.૯૫ કરોડ અને લાઇફ સ્ટાઇલ એપ્સ ૪.૬૮ લાખ ડાઉનલૉડ થઈ હતી. ગૂગલ પ્લે સ્ટોર સૌથી વધુ ડાઉનલૉડ થાય તે સ્વાભાવિક છે, કારણ કે એપ સ્ટોર હોવાના કારણે નવા મોબાઇલ ખરીદનારાએ અનિવાર્ય રીતે એ ડાઉનલૉડ કરવી પડે. ઘણી મોબાઇલ કંપનીઓ તો પ્રિ-ઇન્સ્ટોલ એપમાં જ એનો સમાવેશ કરે છે. તે સિવાય ઇન્સ્ટાગ્રામ, વૉટ્સએપ, ફેસબુક, એમેઝોન, ફ્લિપકાર્ટનો દબદબો યથાવત્ રહ્યો હતો.

એપ્સ ડાઉનલૉડિંગમાં દેશના યૂઝર્સ અત્યારે અવ્વલ છે. ગેમિંગ-ડેટિંગ એપ્સ દિવસે દિવસે પોપ્યુલર થઈ રહી છે અને રોજગારીની તકો સર્જાતાં યંગ જનરેશન પાસે પોતાની રીતે ખર્ચી શકે એવી રકમ આવી રહી છે. એ જોતાં પેઇડ એપ્સની સર્વિસમાં દેશના યૂઝર્સ ૨૦૩૦ સુધીમાં અવ્વલ હોય તો નવાઈ પામવા જેવું નહીં હોય. અત્યારની ધારણા પ્રમાણે એમ લાગે છે કે મોબાઇલ યૂઝર્સ, મોબાઇલ એપ્સ યૂઝર્સની જેમ મોબાઇલ એપ્સ પેઇડ યૂઝર્સના ગ્રાફમાં ભારત ટોચના સ્થાને હશે.

**– હર્ષ મેસવાણિયા**

## આગામી કાર્યક્રમો

### શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણી

### ( ઑનલાઇન કાર્યક્રમો )

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને સંતુલન દ્વારા યોજાયેલા 'અસ્મિતા વિશેષ સંવાદ'માં શ્રી ભદ્રાયુ વછરાજાનીનો નીચેની વ્યક્તિઓ સાથે સંવાદ.

◈ **૧૪ ફેબ્રુઆરી, ૨૦૨૪, બુધવાર : સાંજના ૫-૩૦**
શ્રી મલ્લિકા સારાભાઈ (સમયમર્યાદા : ૧ કલાક, ૩૮ મિનિટ)

◈ **૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૪, બુધવાર : સાંજના ૫-૩૦**
શ્રી પ્રફુલ્લ અનુભાઈ (સમયમર્યાદા : ૧ કલાક, ૫૩ મિનિટ)

### ( ઑફલાઇન કાર્યક્રમો )

### માતૃભાષા સંવર્ધન કેન્દ્ર

◈ **૧૦ ફેબ્રુઆરી, ૨૦૨૪, શનિવાર : સાંજના ૫-૦૦**
વિષય : ભાષાશુદ્ધિ વર્ગ
વક્તા : શ્રી રતિલાલ બોરીસાગર અને ડૉ. પિંકી પંડ્યા

◈ **૨૪ ફેબ્રુઆરી, ૨૦૨૪, શનિવાર : સાંજના ૫-૦૦**
વિષય : ભાષાશુદ્ધિ વર્ગ
વક્તા : શ્રી રતિલાલ બોરીસાગર અને ડૉ. પિંકી પંડ્યા

### જીવન-ઉત્કર્ષ વ્યાખ્યાનશ્રેણી

◈ **૩ ફેબ્રુઆરી, ૨૦૨૪, શનિવાર : સાંજના ૫-૩૦**
વક્તા : ડૉ. ભારતી રાણે
વિષય : દૃષ્ટિ, સૃષ્ટિ અને સંવેદના : વિશ્વપ્રવાસના મારા અનુભવો

પ્રવાસમાં થયેલા માનવીય અનુભવોનું ડૉ. ભારતી રાણેનું પુસ્તક 'સ્નેહાંકિત વિશ્વ' ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ પ્રકાશિત કર્યું છે તેમજ 'વિશ્વવિહાર'માં એમના પ્રવાસલેખો પણ પ્રકાશિત થતા રહે છે.

### શ્રી યશવંત દોશી સ્મૃતિ-વ્યાખ્યાનશ્રેણી

◈ **૧૦ ફેબ્રુઆરી, ૨૦૨૪, શનિવાર : સાંજના ૫-૩૦**

૨૩૦૦ જેટલા કાવ્યોનું સર્જન કરનાર કવિગુરુ શ્રી રવીન્દ્રનાથ ટાગોરે બસોથી પણ વધારે ગીતો ભૈરવી રાગમાં સ્વરબધ્ધ કર્યા હતા. એમાંથી કેટલાક ગીતોની પ્રસ્તુતિ કરવામાં આવશે.

પ્રસ્તુતિ : શ્રીમતી સુચિતાબહેન રૉય અને શ્રીમતી શેફાલી નયન
સિતાર - શ્રી સુજ્ઞા શાહ, સરોદ - શ્રી સોહનભાઈ નીલકંઠ,
તબલા - શ્રી હેમંત જોશી

## યુવા વિશ્વ

**◈ ૧૭ ફેબ્રુઆરી, ૨૦૨૪, શનિવાર : સાંજના ૫-૩૦**

એક નવી પહેલ રૂપે યુવા વિશ્વનો પ્રારંભ કરીએ છીએ જેમાં ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા સાહિત્ય, ચિત્ર, સંગીત, શિલ્પ સ્થાપત્ય અને ટૅક્નૉલૉજીના ક્ષેત્રે આગવી પ્રતિભા દાખવનારી વ્યક્તિઓ સાથે એમના જીવનકાર્ય અંગે સંવાદ થશે જેનું આયોજન હિના શુક્લ અને અશ્વિન આણદાણી કરશે. યુવા વિશ્વના પ્રથમ કાર્યક્રમ રૂપે શ્રી નિસર્ગ આહીર સાથે સાહિત્ય, ચિત્રકલા, લોકકલા અને સંસ્કૃતિ જેવા જુદા જુદા વિષયો પરની રસપ્રદ પ્રશ્નોત્તરીનું આયોજન કર્યું છે.

## ગુજરાતના સંસ્કારપુરુષ શ્રી પોપટલાલ હેમચંદ સ્મૃતિ-વ્યાખ્યાન

**◈ ૨૪ ફેબ્રુઆરી, ૨૦૨૪, શનિવાર : સાંજના ૫-૩૦**

ગુજરાતની મહાજન પરંપરાના શ્રેષ્ઠીઓની જીવનશૈલી અને એમણે આપેલા જીવનમૂલ્યો વિશે પ્રસ્તુતિ.

શ્રી કસ્તૂરભાઈ લાલભાઈ - શ્રી ગૌરવ શેઠ

શ્રી યુ. એન. મહેતા - શ્રી કુમારપાળ દેસાઈ

શ્રી સી. કે. મહેતા - શ્રી ભારતીબહેન મહેતા

## આસ્વાદ

**◈ ૧૮ ફેબ્રુઆરી, ૨૦૨૪, રવિવાર : સવારે ૧૦-૦૦**

વિશ્વકોશભવનના શેઠ હઠીસિંહ કેસરીસિંહ સભાગૃહમાં 'ગુજરાતનું પત્રકારત્વ' વિશે શ્રી અજય નાયક (રેસિડન્ટ એડિટર, સંદેશ) વક્તવ્ય આપશે.

## અન્ય

**◈ ૨૬ ફેબ્રુઆરી, ૨૦૨૪, સોમવાર : સાંજના ૫-૩૦**

વક્તા : ડૉ. માણેક પટેલ 'સેતુ'

વિષય : અમદાવાદ-યાત્રા વિશે વક્તવ્ય તેમજ 'અમદાવાદનો ઇતિહાસ' (આરંભથી આઝાદી સુધી) નામની દસ્તાવેજી ફિલ્મ દર્શાવવામાં આવશે.

**પદ્મભૂષણ ડૉ. ધીરુભાઈ ઠાકર**
**'સવ્યસાચી'ના**
**બૃહદ જીવનચરિત્ર–રચનાકારની**
**પસંદગીમાં સામેલ થવા**
**હાર્દિક આમંત્રણ**

દર્શક ઇતિહાસ નિધિ — ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ

**પદ્મભૂષણ ડૉ. ધીરુભાઈ ઠાકર 'સવ્યસાચી' (૧૯૧૮–૨૦૧૪) શિક્ષણ અને સાહિત્યની સંસ્થાઓના સર્જક હતા. તેઓ ગુજરાતી ભાષા–સાહિત્યના મહત્ત્વના સીમાચિહ્ન ગણાતા ગુજરાતી વિશ્વકોશના સ્થાપક–મુખ્ય સંપાદક (૧૯૮૫–૨૦૧૪) હતા. તેઓ ૧૯૬૦ થી ૧૯૭૮ સુધી મોડાસા કૉલેજસંકુલના સ્થાપક આચાર્ય તરીકે રહ્યા. તેઓ બહુ–આયામી ઊંચા ગજાના સાત્ત્વિક વિદ્વાન હતા. એમનાં ૧૦૦થી વધુ પુસ્તકો પ્રકાશિત થયાં છે જેમાં તેમનાં આત્મકથાનક લખાણો (માધુરી), પત્રો, પ્રવાસવર્ણનો, તેમની ૯૦મી વર્ષગાંઠને સમયે તેમજ મૃત્યુ પછી સ્મરણાર્થે લખાયેલ ત્રણ પ્રકાશિત પુસ્તકો વગેરે સામેલ છે.**

સ્વર્ગસ્થ ધીરુભાઈ ઠાકરના બૃહદ (comprehensive) જીવનચરિત્રના નિર્માણની જાહેરાત થોડા સમય પહેલાં થઈ હતી. તે અંગે નીચેના મુદ્દાઓ ધ્યાન પર લેવા વિનંતી છે :

૧. એવી ધારણા છે કે બૃહદ જીવનચરિત્ર ૧૬ x ૨૪ cm સાઈઝ પુસ્તકના ૧૧ સાઈઝ ફૉન્ટનાં ૪૦૦થી ૫૦૦ પાનાંનું થશે. બૃહદ જીવનચરિત્ર 'સવ્યસાચી'ની માત્ર સિદ્ધિકથા ન બની રહે પણ ઐતિહાસિક, રાજકીય, સામાજિક, શૈક્ષણિક અને આર્થિક પરિબળો વચ્ચે તેમણે કરેલાં કાર્યોનું મૂલ્યાંકન પણ કરે તે અપેક્ષિત છે.

૨. આ ચયન-પ્રક્રિયામાં પસંદ થયેલ વ્યક્તિને જીવનચરિત્ર લખવા માટે બધું થઈને (All INCLUSIVE) ૬ લાખ રૂપિયા માનદ રકમ અપાશે.

૩. જીવનચરિત્રની રચના ૨ વર્ષમાં પૂરી કરવાની રહેશે. પ્રથમ વર્ષ રિસર્ચ, મુલાકાતો, વાંચન-અભ્યાસ વગેરેમાં તથા પછીના ૧૨ મહિના લખાણમાં ગળાશે તેવી ધારણા/અપેક્ષા છે.

૪. બે વર્ષને અંતે પેન-ડ્રાઈવમાં જીવનચરિત્રની soft copy યુનિકોડ ફૉન્ટમાં આપવાની રહેશે.

૫. પ્રથમ ૧૨ મહિનામાં દર મહિને ૪૦,૦૦૦ રૂપિયા મહિનાને અંતે બિલ મળ્યા પછી ૭ દિવસમાં અપાશે. બાકીના ૧,૨૦,૦૦૦ રૂપિયા આખરી માન્ય ડ્રાફ્ટની સ્વીકૃતિ પછી ૩૦ દિવસમાં અપાશે.

૬. આ ચયન-પ્રક્રિયામાં પ્રથમ પાંચ પસંદ થયેલ વ્યક્તિઓને ૧૦,૦૦૦ રૂપિયા માનદ રકમ અપાશે.

૭. જીવનચરિત્ર લખવાનો જેને અનુભવ હોય અને ડૉ. ધીરુભાઈ ઠાકરનું બૃહદ જીવનચરિત્ર ઉપર જણાવેલ વિગતો મુજબ લખવાની ઈચ્છા હોય તેઓએ નીચેની વિગતો તારીખ ૨૮-૨-૨૦૨૪ સુધીમાં Savyasachi.Dhirubhai.Thaker@gmail.com ઉપર મોકલી આપવા નમ્ર વિનંતી છે.

(અ) આ પહેલાં લખેલ જીવનચરિત્રો અને અન્ય સંબંધિત લખાણો રચ્યાં હોય તેની ટૂંકમાં માહિતી.

(બ) આ જીવનચરિત્ર કેમ લખવા માંગો છે તે અંગે ૧૦૦-૨૦૦ શબ્દોની નોંધ.


(ક) ડૉ. ધીરુભાઈ ઠાકર વિશે એક ૪૫૦-૫૫૦ શબ્દોની નોંધ જે પુસ્તકના Preface કે Prologue કે Epilogue તરીકે મૂકવાની હોય.

(ડ) આ જીવનચરિત્ર લખવાની METHODOLOY/APPROACH વિશે ૩૦૦-૫૦૦ શબ્દોની નોંધ.

(ઈ) અન્ય કોઈ તમારા તરફથી સૂચન હોય તો તે.

સર્વશ્રી કુમારપાળ દેસાઈ, ત્રિદીપ સુહૃદ અને નીતિન શુક્લ(કન્વીનર)ની સમિતિનો નિર્ણય આખરી ગણાશે.

## ગુજરાતી વિશ્વકોશના પ્રણેતા અને સંપાદક પદ્મભૂષણ ડૉ. ધીરુભાઈ ઠાકરની પુણ્યતિથિએ યોજાયેલાં વ્યાખ્યાનો



'વર્તમાન સમયમાં શ્રીમદ્ ભગવદ્ગીતા' વિશે ભાગ્યેશ જહા



'સંતવાણીમાં અધ્યાત્મ અને કવિતા : વિચાર અને પ્રસ્તુતિ' વિશે દલપત પઢિયાર





'મંદિરમાં જોવા મળતાં અપ્સરાઓનાં શિલ્પ' વિશે અનિતા કોર્ડે

દર માસની ૫મી તારીખે પ્રકાશિત ISSN 2321 6999

RNI No. GUJGUJ/1998/04459. postal Regd. No. GAMC-1375/2024-26 issued by SSP Ahmedabad-9. Valid Upto 31-12-2026. License to post without Prepayment No. PMG/NG/111/2024-2026. valid upto 31/12/2026. Posted at Ahd PSO On 5th every month.

## ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા અપાતા ઍવૉર્ડ

(૧) પદ્મભૂષણ ડૉ. ધીરુભાઈ ઠાકર સવ્યસાચી સારસ્વત ઍવૉર્ડ
(કલાક્ષેત્રે વિશિષ્ટ યોગદાન માટે)

(૨) શ્રી દાઉદભાઈ ઘાંચી શિક્ષણવિષયક ઍવૉર્ડ
(શિક્ષણમાં નવાચાર દ્વારા પરિવર્તન માટે કાર્યરત શિક્ષક માટે)

(૩) સમાજ ઉત્કર્ષ ઍવૉર્ડ
(સામાજિક ઉત્થાન માટે ઉદ્યમશીલ વ્યક્તિ માટે)

(૪) શ્રી ચીનુભાઈ આર. શાહ જીવનશિલ્પી ઍવૉર્ડ
(ટૅક્નૉલૉજી દ્વારા પરિવર્તન માટે)

(૫) ચિત્રકાર શ્રી પ્રફુલ્લ દવે કલાપ્રતિભા ઍવૉર્ડ
(ચિત્રકલા માટે)

(૬) ડૉ. હેમરાજ વી. શાહ પ્રેરિત કવિ નર્મદ પારિતોષિક
(સાહિત્ય માટે)

(૭) આગમપ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજી ચંદ્રક
(પ્રાકૃત, અપભ્રંશ અને મધ્યકાલીન ગુજરાતી ભાષામાં સંશોધન માટે)

(૮) પ્રો. અનંતરાય રાવળ વિવેચન-ઍવૉર્ડ
(વિવેચન માટે)

(૯) પ્રો. અનંતરાય રાવળ શિક્ષક ઍવૉર્ડ
(પ્રયોગાત્મક શિક્ષણ માટે)

(૧૦) શ્રી ચંદ્રવદન મહેતા નાટ્યલેખન ઍવૉર્ડ
(નાટ્યલેખન માટે)

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ વતી મુદ્રક, પ્રકાશક અને તંત્રી : કુમારપાળ દેસાઈ, સંપાદક : પ્રીતિ શાહ
પ્રકાશનસ્થળ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, ૫૧/૨, રમેશપાર્કની બાજુમાં, બંધુસમાજ સોસાયટી સામે,
ઉસ્માનપુરા, અમદાવાદ ૩૮૦ ૦૧૩. ફોન : ૨૭૫૫ ૧૭૦૩, મુદ્રણસ્થળ : ભગવતી ઑફસેટ,
સી-૧૨, બંસીધર મિલ કમ્પાઉન્ડ, બારડોલપુરા, દરિયાપુર, અમદાવાદ ૩૮૦ ૦૦૪